સુવિચાર

બીજા કોઇ પણ સદગુણ કરતાં બીજાની વાત શાંતિથી સાંભળવાનો સદગુણ ઘણા થોડા માણસોમાં નજરે પડે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટમાં પિસ્તોલ સાથે મહિલા ગિરફતારઃ નામચીન શખ્સની પત્ની અને પુત્રની પણ સંડોવણી P-4

Year-16, Issue-112 ■ DATE : 20-08-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પીએમ-સીએમ કે પ્રધાનો ૩૦ દિવસ જેલમાં રહેશે તો પદ પરથી હટાવાશે

## લોકસભામાં આ અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા ગૃહમંત્રી અમિત શાહઃ જો રાજીનામું નહીં આપે તો તેમનો હોદ્દો આપોઆપ ખાલી થયેલો ગણાશેઃ અપરાધીઓ માટે ચિંતાના વાદળ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે ફોજદારી કેસોમાં ધરપકડ કરાયેલા રાજકારણીઓ પર કડક કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. સરકાર આજે સંસદમાં આ સંબંધિત ત્રણ બિલ રજૂ કરશે, જેમાં ગંભીર ફોજદારી કેસોમાં સતત ૩૦ દિવસ સુધી ધરપકડ કરવામાં આવે અથવા અટકાયતમાં રાખવામાં આવે તો વડા પ્રધાન, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી અને મંત્રીઓને તેમના પદ પરથી દૂર કરવાની જોગવાઈ હશે. કેન્દ્ર સરકાર લોકસભામાં ત્રણ બિલ રજૂ કરશે, જેનો હેતુ વડા પ્રધાન, કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી અને મંત્રીઓને ગંભીર ફોજદારી કેસોમાં ધરપકડ કરવામાં આવે અથવા અટકાયતમાં લેવામાં આવે તો તેમને તેમના પદ પરથી દૂર કરવાનો છે.

હકીકતમાં, હાલમાં કોઈ પણ કાયદામાં એવી કોઈ જોગવાઈ નથી કે ધરપકડ અથવા ન્યાયિક કસ્ટડીના કિસ્સામાં નેતાઓને તેમના પદ પરથી દૂર કરી શકાય. આ ખામીઓને દૂર કરવાના ઉદ્દેશ્યથી, સરકારે ત્રણ બિલ તૈયાર કર્યા છે જે ગંભીર ફોજદારી કેસોમાં આરોપી નેતાઓ પર કડક કાર્યવાહી કરશે.

કેન્દ્ર સરકાર બુધવારે જે બિલ રજૂ કરશે તેમાં કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર (સુધારા) બિલ ૨૦૨૫, બંધારણ (એકસો ત્રીસમો સુધારો) બિલ ૨૦૨૫ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ ૨૦૨૫નો સમાવેશ થાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય ગળહમંત્રી અમિત શાહ આ ત્રણેય બિલોને સંસદની સંયુક્ત સમિતિને મોકલવા માટે લોકસભામાં એક પ્રસ્તાવ પણ રજૂ કરશે.

કેન્દ્રશાસિત પ્રદેશ (સુધારા) બિલ, ૨૦૨૫ના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદન અનુસાર, કેન્દ્રશાસિત પ્રદેશ અધિનિયમ, ૧૯૬૩ (૧૯૬૩નો ૨૦) માં એવી કોઈ જોગવાઈ નથી કે જેના હેઠળ ગંભીર ગુનાહિત આરોપોમાં ધરપકડ અને અટકાયતની સ્થિતિમાં મુખ્યમંત્રી અથવા મંત્રીને પદ પરથી દૂર કરી શકાય. તેથી, આ કાયદાની કલમ ૪૫ માં સુધારો કરીને આવી પરિસ્થિતિ માટે કાનૂની જોગવાઈ કરવી જરૂરી છે. આ બિલ ઉપરોક્ત ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે.

બંધારણ (એકસો ત્રીસમો સુધારો) બિલ, ૨૦૨૫ ના ઉદ્દેશ્યો જણાવે છે કે બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી કે ગંભીર ગુનાહિત આરોપોમાં ધરપકડ અને અટકાયતની સ્થિતિમાં મંત્રીને દૂર કરી શકાય. તેથી, વડા પ્રધાન અથવા કેન્દ્રીય પ્રધાન અને રાજ્યો અને દિલ્હીના મુખ્યમંત્રી અથવા મંત્રીને દૂર કરવા માટે બંધારણની કલમ ૭૫, ૧૬૪ અને ૨૩૯ માં સુધારો કરવાની જરૂર છે.

તે જ સમયે, નવી જોગવાઈઓ હેઠળ, જો વડા પ્રધાન, રાજ્યોના મુખ્યમંત્રી અથવા મંત્રી સહિત કોઈપણ મંત્રીને પાંચ વર્ષ કે તેથી વધુ સજાપાત્ર ગુના માટે સતત ૩૦ દિવસ સુધી અટકાયતમાં રાખવામાં આવે છે, તો તેને પદ પરથી દૂર કરી શકાય છે.

જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, ૨૦૨૫ ના ઉદ્દેશ્યો જણાવે છે કે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન કાયદા, ૨૦૧૯ (૨૦૧૯ ના ૩૪) માં એવી કોઈ જોગવાઈ નથી કે જેના હેઠળ ગંભીર ગુનાહિત આરોપોમાં ધરપકડ અને અટકાયતની સ્થિતિમાં મુખ્યમંત્રી અથવા મંત્રીને દૂર કરી શકાય. તેથી, તેની કલમ ૫૪ માં સુધારો કરીને એક નવી કલમ (૪) ઉમેરવામાં આવશે.

આ કલમ મુજબ, જો કોઈ મંત્રી તેમના કાર્યકાળ દરમિયાન સતત ૩૦ દિવસ સુધી કસ્ટડીમાં રહે છે, તો તેને ૩૧મા દિવસે મુખ્યમંત્રીની સલાહ પર ઉપરાજ્યપાલ દ્વારા દૂર કરવામાં આવશે. તે જ ક્રમમાં, જો મુખ્યમંત્રી આની નોંધ નહીં લે, તો મંત્રીને બીજા દિવસે આપમેળે પદ પરથી દૂર કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો માટે પણ આવી જ પદ્ધતિ પ્રસ્તાવિત છે, જ્યાં અટકાયત કરાયેલા મંત્રી અથવા વડા પ્રધાનને ૩૦ દિવસની સતત અટકાયતના ૩૧મા દિવસે દૂર કરવામાં આવશે. બિલના ઉદ્દેશ્ય અને કારણોના નિવેદનમાં બંધારણીય નૈતિકતાનું રક્ષણ કરવાની અને ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં જાહેર વિશ્વાસ જાળવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે.

તે જણાવે છે કે ચૂંટાયેલા નેતાઓ લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતીક છે, પરંતુ હાલમાં બંધારણમાં ગંભીર ગુનાહિત આરોપોમાં ધરપકડ કરાયેલા અને અટકાયત કરાયેલા વડા પ્રધાન અથવા મંત્રીને દૂર કરવાની કોઈ જોગવાઈ નથી.

નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પદ પર રહેલા મંત્રીઓનું ચારિત્ર્ય અને વર્તન કોઈપણ શંકાની બહાર હોવું જોઈએ. ગંભીર ગુનાહિત આરોપોનો સામનો કરી રહેલા, ધરપકડ કરાયેલા અને અટકાયત કરાયેલા મંત્રીઓ બંધારણીય નૈતિકતા અને સુશાસનના સિદ્ધાંતોને વિક્ષેપિત કરી શકે છે અથવા અવરોધિત કરી શકે છે, જેનાથી જનતા દ્વારા તેમના પર મૂકવામાં આવેલા બંધારણીય વિશ્વાસને નબળો પડી શકે છે.


# રાજકોટમાં મેઘરાજાની સટાસટીઃ બે કલાકમાં દોઢ ઇંચ ખાબકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા કેટલાક દિવસથી રાજકોટમાં મેઘરાજા સંતાકુકડી રમતા હતા. જન્માષ્ટમીના તહેવારોમાં પાંચ દિવસ મેઘરાજાએ દેખા ન દેતા લોકોએ મનભરી મેળાની મજા માણી હતી. બાદમાં આજે શ્રાવણ મહિનામાં અંતિમ દિવસોમાં મેઘરાજાએ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પર હેત વર્ષાવતા ખેડૂતો ખુશખુશાલ થયા હતા. આજે સવારે ૧૧ વાગ્યાની આસપાસ મેઘરાજાએ રાજકોટ શહેર પર સટાસટી બોલાવી ફક્ત બે કલાકમાં દોઢ ઇંચ પાણી નાખી દેતા રાજમાર્ગો પાણી પાણી થઇ ગયા હતા. હજુ આ



લખાય છે ત્યારે પણ મેઘરાજાનું જોર યથાવત છે અને વરસાદ ચાલુ છે.



## સીપી રાધાકૃષ્ણએ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવીઃ વડાપ્રધાન મોદી બન્યા પ્રસ્તાવકઃ અમિત શાહ અને રાજનાથસિંહ પણ હાજર રહ્યાઃ ૯ સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે

# જૂનાગઢના મેંદરડામાં આભ ફાટ્યુંઃ ૪ કલાકમાં ૧૦ ઇંચ વરસાદ ખાબકતા જળબંબાકાર

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના મેંદરડામાં ૪ કલાકમાં અનરાધાર ૧૦ ઇંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ભારે વરસાદના પગલે તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત, જૂનાગઢના વંથલીમાં ૫.૩૧ ઇંચ, કેશોદમાં ૪.૮ ઇંચ, માંગરોળમાં ૨.૫૬ ઇંચ, માળિયા હાટીનામાં ૨.૫૬ ઇંચ, જૂનાગઢમાં ૧.૯૭ ઇંચ, જૂનાગઢ શહેરમાં ૧૯૭ ઇંચ, માણાવદરમાં ૧.૦૨ ઇંચ અને માણાવદરમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો છે.

આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં જૂનાગઢ ઉપરાંત ભાવનગરના મહુવામાં ૪.૭૬ ઇંચ, ગીર સોમનાથમાં તલાલામાં ૪.૦૬ ઇંચ, અમરેલીના રાજુલામાં ૩.૩૫ ઇંચ, ગીર સોમનાથના સુત્રાપાડામાં ૨.૮ ઇંચ અને ગીર ગઢડામાં ૨.૬૪ ઇંચ અને પોરબંદરમાં ૨.૫૨ ઇંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે, ૧૬ તાલુકામાં સરેરાશ ૧ ઇંચથી ૨ ઇંચ સુધી વરસાદ નોંધાયો હતો.

મેંદરડામાં મુશળધાર વરસાદથી મધુવંતી નદી ગાંડીતૂર બની છે. નદીના ૫ કોઝવે પર ઓવરટોપિંગ થતા રસ્તાઓ બંધ થઈ ગયા છે. મીઠાપુર અને દાત્રાણા ગામના નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે.

વંથલી તાલુકાના ખોરાસા ગામ પાસે આવેલા સાબલી જળાશયમાં ઉપરવાસમાં પાણીની આવક વધતા હાલ ડેમના ૧૧ દરવાજા ૧.૫૦ મીટર ખોલવામાં આવ્યા છે. વંથલી તાલુકાના ખોરાસા, સેંદરડા અને કેશોદ તાલુકાના મઘરવાડા, માણેકવાડા, ડેરવાણ સહિતના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

વંથલી તાલુકાના શાપુર ગામ પાસે આવેલા ઓઝત વિયર શાપુર જળાશયમાં પાણીની આવક થતા ડેમમાં હાલ ઓવરફ્લો ૧.૭૦ મીટર છે. જૂનાગઢ તાલુકાના બાદલપુર ગામ પાસે આવેલા ઓઝત-૨ જળાશયમાં પણ પાણીની આવક વધતા ડેમના ૩ દરવાજા ૦.૬૦ મીટર ખોલવામાં આવ્યા છે.

વહીવટીતંત્ર દ્વારા ૩૫-૪૦ લોકોને અગમચેતીના ભાગરૂપે સલામત જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યા છે. જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, જૂનાગઢ જિલ્લામાં છૂટાછવાયા સ્થળો પર ભારેથી અત્યંત ભારે વરસાદ પડવાની સંભાવના હોવાથી જૂનાગઢના તમામ નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા, કોઝવે/રસ્તા પરથી પાણી પસાર થતું હોય ત્યારે તેમજ નદીના પટમાં અવરજવર ન કરવા અપીલ કરવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં એકસાથે ૫ વરસાદી



સિસ્ટમ સક્રિય થતા આ આગાહી કરવામાં આવી છે. આજે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી રાજ્યના ૧૩ જિલ્લામાં રેડ એલર્ટ અને ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, દાદરા નગર હવેલી અને દમણ સહિત ૧૩ જિલ્લામાં ભારે વરસાદની સંભાવનાને પગલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભરૂચ, તાપી અને ડાંગ સહિત ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેથી લોકોને સાવચેત રહેવા જણાવાયું છે.

# દતક લેવાનો હાલનો કાયદો બોજારૂપઃ સુપ્રિમ

## દત્તક લેવાની પ્રક્રિયામાં વર્ષોનો સમય લાગતો હોવાથી લોકો બાળકોને દત્તક લેવા માટે ગેરકાયદેસર માર્ગો અપનાવે છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દત્તક લેનારા માતા-પિતા માટે દત્તક લેવાનો હાલનો કાયદો ખૂબ જ બોજારૂપ અને નિરાશાજનક છે તેની નોંધ લેતાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કહ્યું હતું કે નિસંતાન દંપતીઓને ગેરકાયદેસર રીતે અપનાવવાને બદલે તેને અપનાવવા માટે કાનૂની માર્ગ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા માટે આ પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સરળ બનાવવાની જરૂર છે.

દેશમાં બાળ તસ્કરીના દૂષણ અંગેના કેસની સુનાવણી કરી રહેલી જસ્ટિસ બી વી નાગરથના અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે જણાવ્યું હતું



કે, દત્તક લેવાની પ્રક્રિયામાં વર્ષોનો સમય લાગતો હોવાથી લોકો બાળકોને દત્તક લેવા માટે ગેરકાયદેસર માર્ગો અપનાવે છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે, બાળકો ન હોવું એ એક સામાજિક કલંક છે અને આવા માતાપિતા ''બાળકને ગમે તે રીતે દત્તક લેવા ઈચ્છે છે પરંતુ પ્રક્રિયા બોજારૂપ છે''. ૩૧ માર્ચ સુધીમાં ૨૦૨૫-૨૬માં દત્તક લેનારાઓની કુલ સંખ્યા ૪,૫૦૦ને વટાવી ગઈ હતી, જે ૧૧ વર્ષમાં સૌથી વધુ છે.

જો કે, ઘણાં સંભવિત દત્તક લેનારા માતાપિતા (પીએપી) માટે, બાળકને દત્તક લેવાની પ્રક્રિયા એક પડકાર બની રહી છે, જેમાં શિશુઓ અને નાના બાળકોની શોધ કરનારાઓ માટે સરેરાશ ૩.૫ વર્ષનો પ્રતીક્ષા સમયગાળો છે. સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (કારા) ડેશબોર્ડ દર્શાવે છે કે દત્તક લેવા માટે નોંધાયેલી વિવિધ કેટેગરીમાં ૩૬,૬૧૬ થી વધુ પીએપી છે જ્યારે દત્તક લેવા માટે ઉપલબ્ધ બાળકોની સંખ્યા માત્ર ૨,૭૫૬ છે.

''હાલની દત્તક લેવાની પ્રક્રિયામાં ઘણો લાંબો સમય લાગી રહ્યો છે. માતા-પિતા બાળકને ઇચ્છે છે પરંતુ આ પ્રક્રિયા તેમનાં માટે બોજારૂપ અને નિરાશાજનક છે, ''એસસીએ જણાવ્યું હતું. તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે સિસ્ટમમાં હાલની ખામી એક દિવસ પહેલાં તેનાં દ્વારા નક્કી કરવામાં આવેલાં કેસમાં પ્રતિબિંબિત થાય છે. જેમાં તેલંગાણાના ચાર માતા-પિતાએ બાળકોને દત્તક લીધાં હતાં, પરંતુ કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયા મુજબ નહીં, અને ત્યારબાદ પોલીસે કસ્ટડી છીનવી લીધી હતી. કોર્ટે દત્તક લેનારા ચાર માતા-પિતાની અરજીને મંજૂરી આપી હતી અને બંધારણનાં અનુચ્છેદ ૧૪૨ હેઠળ તેની અસાધારણ શક્તિનો ઉપયોગ કરીને તેમને થોડા મહિનાથી ત્રણ વર્ષની વયનાં બાળકોની કસ્ટડી પુનસ્થાપિત કરી હતી.

આ કિસ્સામાં, અરજદારોએ બાળકોને દત્તક લીધાં હતાં જ્યારે તેઓને ખબર પડી હતી કે તેમના જૈવિક માતાપિતા તેમને રાખવા તૈયાર નથી. તેઓએ આ પ્રક્રિયામાં સંબંધિત ઓથોરિટીને સામેલ કરી ન હતી અને તેમને જાણ કર્યા વિના બાળકોની કસ્ટડી લીધી હતી.

પરંતુ પોલીસ દત્તક લેવાની જાણ થતાં બાળકોને લઈ ગઈ હતી અને બાળકોને બાળ કલ્યાણ પ્રોજેક્ટ નિયામક અને સંકલિત બાળ સુરક્ષા સેવાઓને સોંપવામાં આવ્યાં હતાં.

# દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલાનો પ્રયાસ


## રાજકોટનો શખ્સ હોવાનો થયો ખુલાસોઃ લોકદરબાર વખતે થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં લોક દરબાર દરમ્યાન રાજયના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલાનો પ્રયાસ થતા રાજકીય ખળભળાટ સર્જાયો છે. ભાજપ દ્વારા આકરી ટીકા કરવામાં આવી હતી. હુમલાખોર શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી.

રેખા ગુપ્તા પર હુમલો કરનાર આ શખ્સ રાજકોટનો રાજેશ સાકરીયા હોવાનું બહાર આવ્યું છે. હુમલા પાછળનું કારણ જાણવા પોલીસ દ્વારા ધનિષ્ઠ પુછપરછ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનામાં ચોંકાવનારા ખુલાસા થવાની આશંકા વ્યકત કરવામાં આવી છે.

દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા આજે સવારે મુખ્યમંત્રી આવાસ પર લોકોના પ્રશ્નો સાંભળી રહ્યા હતા ત્યારે ૩૫ વર્ષના એક શખ્સે હુમલાનો પ્રયાસ કર્યો હતો. આ શખ્સ પ્રથમ મુખ્યમંત્રીને સમસ્યા સંબંધી લેખીત કાગળ આપ્યા હતા અને પછી થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો હતો.આ ઘટના બાદ તુર્ત શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.



આ ઘટનાને પગલે સુરક્ષા તંત્રમાં દોડધામ થઈ હતી. મુખ્યમંત્રીને કોર્ડન કરી લેવાયા હતા. આ ઘટના બનતા ભાજપનાં સીનીયર નેતાઓ મુખ્યમંત્રી નિવાસે એકત્ર થવા લાગ્યા હતા અને બનાવની ટીકા કરી હતી. વિરોધીઓનું કાવતરૂ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ભાજપ ઉપરાંત કોંગ્રેસના નેતા દેવેન્દ્ર યાદવ તથા આપના નેતા આતિશીએ પણ બનાવને દુર્ભાગ્યપૂર્ણ અને કમનસીબ ગણાવ્યો હતો દિલ્હીમાં મહિલા સુરક્ષાની પોલ ખુલી પડયાની ટકોર કરતાં તેમણે કહ્યું કે દિલ્હીનાં મુખ્યમંત્રી જ સુરક્ષીત નથી તો સામાન્ય લોકો મહિલાઓનું શું થતુ હશે તે સવાલ છે.

# ૫૦% ટેરીફ નાખી અમેરિકાનો ટાર્ગેટ ભારત નહીં પણ રશિયા પર દબાણ લાવવાનો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત વિશ્વના દેશોને જે રીતે ટેરીફ ટેરર હેઠળ લીધા હતા તેમાં રશિયા પાસેથી ક્રુડતેલ-શસ્ત્રો વિ.ની ખરીદીમાં જે રીતે વધારાના ૨૫% એટલે કે કુલ ૫૦% ટેરીફ ભારતથી નિકાસ થતા ઉત્પાદનો પર અમેરિકામાં લાદયા ને પાછળનું વાસ્તવિક કારણ હવે બહાર આવ્યું છે અને અમેરિકાનો ટાર્ગેટ ભારત નહી પણ રશિયા હોવાનું ખુદ અમરિકી પ્રેસ સેક્રેટરીએ સ્વીકાર્યુ છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સચીવ કેરોલીન લેવીટ્ટેએ પત્રકારો સાથેની તેમની દૈનિક વાતચીતમાં સ્વીકાર્યુ કે ભારત સામે જંગી વ્યાપાર કરતા રશિયા પર દબાણ લાવવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦% ટેરીફ



લાદવા નિર્ણય લીધો હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ યુક્રેન યુદ્ધ અટકાવવા રશિયાને દબાણમાં લાવી રહ્યા છે.

હાલમાં જ બન્ને રાષ્ટ્રવડાઓ વચ્ચે અલાસ્કામાં ૩ કલાકની એક શિખર બેઠક પણ યોજાઈ હતી અને હવે યુક્રેન-રશિયાને સામસામા બેસાડવાની તૈયારી છે. અમેરિકી પ્રેસ સચીવે કહ્યું કે યુક્રેન-રશિયાના યુદ્ધનો અંત લાવવા અમેરિકાના પ્રમુખ જબરુ દબાણ લાવી રહ્યા છે.

ભારત પર ઉંચા ટેરિફ સહિતના પ્રતિબંધો આવી રહ્યા છે. પ્રમુખે બહું સ્પષ્ટ કહ્યું છે કે તમો આ યુદ્ધનો અંત જોવા માંગે છે અને તેમજ ભારત સામેના ટેરીફ વાટાઘાટમાં પ્રમુખે એક મહિનાની રાહ જોવા નિર્ણય લીધો છે. જેથી તે અમેરિકી દબાણની અસર થઈ શકે. ગઈકાલે વ્હાઈટ હાઉસમાં હેટ્રીક ડે રહ્યો હતો.

યુક્રેનના રાષ્ટ્રપતિ વી.ઝેલેસ્કી ઉપરાંત બ્રિટીશ વડાપ્રધાન તથા યુરોપના અનેક દેશોના રાષ્ટ્રવડાઓ હાજર હતા જેમાં આ યુદ્ધનો અંત લાવવા માટે રશિયાને કઈ રીતે મનાવી શકાય છે તે નિશ્ચિત કરવા ચર્ચા થઈ હતી.

અમેરિકી પ્રવકતાએ જણાવ્યું કે, પ્રમુખ ટ્રમ્પ રશિયાના પ્રમુખ પુટીન સાથેની મુલાકાતના ૪૮ કલાકમાંજ તેઓ યુક્રેન-યુરોપીયન દેશોના વડાઓ સાથે સતત સંપર્કમાં છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીની હત્યા બાદ હોબાળો

## પ્રિન્સિપાલ અને સ્ટાફને શાળામાં ધુસી વાલીઓએ ફટકાર્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના ખોખરામાં ધોરણ ૮ના વિદ્યાર્થીએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીની ચાકુ મારી હત્યા કરી દીધી હતી. સેવન્થ ડે સ્કૂલમાં ધક્કામુક્કી જેવી સામાન્ય બાબતે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. જો કે, બાળકના મોત બાદ મૃતક વિદ્યાર્થીના પરિવારજનો તેમજ સમાજના લોકોએ સ્કૂલમાં ઘૂસી પ્રિન્સિપાલ અને સ્ટાફને માર્યા હતા અને ભારે તોડફોડ પણ કરી હતી.

મળતી માહિતી મુજબ, ગઈકાલે બનેલી હત્યાની ઘટના બાદ વિદ્યાર્થી સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ હતો. જોકે, બુધવારે (૨૦ ઓગસ્ટ) વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. વિદ્યાર્થીના મોત બાદ પરિવાર અને સમાજ રોષે ભરાયો હતો. પરિવાર અને સિંધી સમાજના લોકો સ્કૂલમાં ઘૂસી ગયા હતા અને પ્રિન્સિપાલ અને શિક્ષકો સાથે ઝપાઝપપી





કરી હતી. એટલું જ નહીં, સ્કૂલમાં ભારે તોડફોડ પણ કરી હતી. આ સિવાય ટોળાઓ દ્વારા શિક્ષકો અને પ્રિન્સિપાલને માર મારવામાં આવ્યો હતો.

આ સિવાય ટોળાએ દ્વારા ન્યાય આપોના બેનર સાથે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તેમજ પરિવાર દ્વારા ન્યાય ન મળે ત્યાં સુધી વિદ્યાર્થીના મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. તેમજ વિરોધ કરી રહેલા લોકોએ રસ્તા પર બેસી ન્યાય માટે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. વાલીઓ દ્વારા રોડ પર બેસી જઈ રસ્તા રોકવામાં આવી રહ્યા છે.

આ મુદ્દે સ્કૂલના એડમિનિસ્ટ્રેટર મયુરિકા પટેલે કહ્યું કે, અમે બાળક આરોપી સામે પગલાં લીધા જ હતા. આ પહેલાં તેની સામે ફરિયાદ નોંધાઈ હતી ત્યારે પણ પગલાં લેવાયા હતા. આ ઘટના સ્કૂલ બહાર રોડ પર બની હતી, જે વિશે અમને જાણ પણ નથી. અમે આરોપી બાળક સામે એક્શન લઈશું અને તેને એલસી આપી દઇશું. બાળક સ્કૂલમાં છરી લઈને નહતો આવ્યો તેણે બહાર ગાડીમાં રાખી હતી. આ ઘટના સ્કૂલ બહાર બની છે. આ મામલે શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરિયાની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે જણાવ્યું કે, 'શાળામાં વિદ્યાર્થીની હત્યાની સમગ્ર ઘટનાના તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ ખૂબ જ દુઃખદ ઘટના છે અને આ માટે હું મૃતકના પરિજનોને સાંત્વના આપું છું. આ ઘટના સામાજિક ચિંતન અને મનનનો વિષય છે. નાની ઉંમરમાં ચાકુથી લઈને હુમલો કરવો એ તમામ લોકો માટે એક રેડ સિગ્નલ છે. આવી વિકૃત માનસિકતા ધરાવનારા બાળકો પર માતા-પિતાએ નજર રાખવી જોઈએ. શાળાના નાના ઝઘડામાં મર્ડર સુધી પહોંચવું તે એક ચિંતાનો વિષય છે.

# જામનગર શહેર-જિલ્લામાં જુગારની મોજ માણતા ૧૧ મહિલા સહિત ૭૦ ની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે જુગારના ૧૩ દરોડા પાડ્યાં હતા. અને ૧૧ મહિલા સહિત ૭૦ જુગારીઓને ઝડપી પાડ્યાં હતા. જ્યારે પાંચ નાશી જતાં તેને ફરાર જાહેર કાર્ય છે.જોડિયાના ભીમકટા ગામના તળાવ પાસે આવેલ મોતીયાપીર ડાડાના મંદિર પાસે જાહેરમાં જુગટું રમી રહેલાં લવજીભાઇ જેઠાભાઇ શેખવા, જીગ્નેશભાઇ પ્રવિણભાઇ હેરભા, ધીરજભાઇ વાલજીભાઇ ડાભી નામના ત્રણ શખ્સોને રૂ.૧૭૬૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યાં હતાં. જ્યારે જિજ્ઞેશભાઇ બાબુભાઇ નાશી જતાં તેને ફરાર જાહેર કર્યો હતો. જામજોધપુરના બાલવા ફાટક પાસે રખુલ્લા પટ્ટમા જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી પૈસાની હારજીત કરતાં દેવાણંદભાઇ હરીભાઇ હરીયાણી, શામળાભાઇ કાયાભાઇ આશાણી, મોમાભાઇ જીવાભાઇ આશાણી, જયેશભાઇ માણશીભાઇ ધારાણી, દુલાભાઇ ઘેલુભાઇ હરડાજાણી, જયેશભાઇ રાણશીભાઇ આશાણી, દલુભાઇ નાથાભાઇ ધારાણી, કીશનભાઇ પુનાભાઇ મુન, વાલાભાઇ રાણાભાઇ ધારાણી નામના દશ શખ્સોને રૂ.૧૫૬૫૦ ની રોકડ સાથે પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.જામનગરમાં ભાનુ પેટ્રોલ પંપની પાછળ, પ્રભાતનગર, પટેલ સમાજની વાડી પાસે જાહેરમાં જુગાર રમી રહેલાં વિજયભાઇ શંભાજી શેંડે, નીખીલ વિજયભાઇ શેંડે, સમીર કરીમભાઇ જામ, કરમશી રામજીભાઇ કણજારીયા, ઠાકરશી વેરશી પરમાર નામના પાંચ શખ્સોને રૂ.૪૮૨૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. ઉપરાંત બેડેશ્વર વિસ્તારમાં આશુતોષ પેટ્રોલ પંપ પાસે સાબુના કારખાના નજીક જુગાર રમી રહેલાં સરદબેન વેજાભાઈ રોશીયા, ભાનુબેન ઉર્ફે ભાવના અશ્વીનભાઈ પાંડાવદરા, રાણીબેન જુમાભાઈ ચૌહાણ, પ્રભાબેન લખુભાઈ ચૌહાણ, ઈમ્તીયાઝ ચૌહાણ, પ્રભાબેન લખુભાઈ ચૌહાણ, ઈમ્તીયાઝ હુશેનભાઈ નોતીયાર, નરેશભાઈ ભીમાભાઈ ચૌહાણ, જયેશભાઈ ડાયાભાઈ ગોહીલ, ઈમરાન ઈશાકભાઈ નોતીયાર, આરીફ આમદભાઈ માણેક નામના ચાર મહિલા સહિત નવ જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા હતાં. પોલીસે તમામના કબ્જામાંથી રૂ.૧૨૩૭૦ ની રોકડ રકમ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે પાણાખાણ વિસ્તારમાં શેરી નં.૩માં સ્ટ્રીટ લાઇટના અજવાળે જુગાર રમી રહેલાં ભરતભાઇ મગનભાઇ ઠાકોર, મનસુખભાઇ પરષોતમભાઇ પટડીયા, હાર્દીકભાઇ શામજીભાઇ મકવાણા, જેંન્તીભાઇ ગાંડાલાલ મકવાણા નામના ચાર શખ્સોને રૂ.૧૧૫૦૦ ની રોકડ સાથે ઉઠાવી લીધા હતાં.આ ઉપરાંત ગુરૂદ્વારા જલારામનગર રબારીચોકમાં જાહેરમાં જુગાર રમી રહેલાં હીમતભાઈ હંસરાજભાઈ મહેતા, લખન સુરેશભાઈ વડરૂકીયા, કીરીટભાઈ રમેશભાઈ ચોવટીયા, મહેશભાઈ મોહનભાઈ બલદાણીયા, કરશનભાઈ પુનાભાઈ પારડીયા નામના પાંચ ટપોરીઓને રૂ.૧૦૧૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં.જ્યારે થાવરીયા ગામે ભરવાડ પાડામા શેરીમાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે જાહેરમાં પાના ટીંચી રહેલાં ખોડાભાઇ સેજાભાઇ સરસીયા, રાજુભાઇ ઉર્ફે રાજેશ ભગાભાઇ કાટોડીયા, લક્ષમણભાઇ હઠાભાઇ સરસીયા નામના ત્રણ શખ્સોને રૂ.૧૨૧૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જ્યારે હરીભાઇ બાબુભાઇ સરસીયા નામનો શખ્સ નાશી જતાં તેને ફરાર જાહેર કર્યો હતો.કાલાવડના ખરેડી ગામે જુનાવાસમાં જાહેર રોડ ઉપર સ્ટ્રીટ લાઇટના અંજવાળે જુગાર રમી રહેલાં રમેશભાઇ ડાયાભાઇ બથવાર, જયસુખભાઇ હિરાભાઇ બથવાર, મહેન્દ્રાભાઇ જીણાભાઇ બથવાર, ભાવેશભાઇ દિનેશભાઇ બથવાર, રાહુલભાઇ ગુલાબભાઇ બથવાર, કિશોરભાઇ નાથાભાઇ બથવાર, હેમતભાઇ ઘેલાભાઇ બથવાર નામના સાત શખ્સોને ૧૪૨૦૦ ની રોકડ સાથે ઉઠાવી લીધા હતા. જામનગર શહેર નજીકના જાંબુડા ગામે વેલકમ વોટર પાર્કની પાછળ સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં જુગાર રમી રહેલાં હરપાલસિંહ અજીતસિંહ જાડેજા, કાનજીભાઇ ભુપતભાઇ વડેચા, લાલજીભાઇ સોમાભાઇ કારવેસા, ભરતભાઇ હંસરાજભાઇ સરવૈયા, ધર્મરાજસિંહ જસુભા જાડેજા નામના પાંચ શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે ભાવેશભાઇ શાંતીભાઇ પાટડીયા, યુવરાજસિંહ દેવીસીંહ જાડેજા તથા લાલો બ્રાહ્મણ નામના ત્રણ શખ્સો નાશી ગયા હતાં. પકડાયેલા પાંચ શખ્સો પાસેથી રૂ.૧૦૪૦૦ ની રોકડ કબજે કરી હતી.જ્યારે મોરકંડા ગામે સ્મશાન પાસે જુગાર રમી રહેલાં અશ્વિનભાઈ કરશનભાઈ મારકડા, રોહીતભાઈ જાદવજીભા, દિપકભાઈ મગનભાઈ ડોડીયા, પ્રદીપભાઈ મગનભાઈ પ્રાગડા નામના ચાર પંટરોને ઝડપી પાડી તેના કબ્જામાંથી રૂ.૫૨૫૯ ની રોકડ જપ્ત કરી હતી.લાલપુરના જશાપર ગામની નીશાળની બાજુમા આવેલ બાવળની ઝાળીમા જાહેરમાં પાના ફેંકી જુગાર રમી રહેલાં તેયબભાઇ સુલેમનભાઇ ધાવડા, રફીકભાઇ નાથાભાઇ ગજણ, જયેશભાઇ બાબુલાલ મકવાણા નામના ત્રણ શખ્સોને રૂ.૧૦૨૦૦ ની રોકડ સાથે પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે. ઉપરાંત લાલપુરના ધરાનગર વિસ્તારમાં જુગાર રમી રહેલાં રવિભાઈ કારાભાઈ રાઠોડ, મુકેશભાઈ રામજીભાઈ રાઠોડ, નીલેષભાઈ કારાભાઈ રાઠોડ, અજય અનીલભાઈ વાઘેલા, અતુલ લઘુભાઈ વાઘેલા નામના પાંચ શખ્સોને રૂ.૧૫૨૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પ્રીયાબા ભગીરથસિંહ જાડેજા, કાવ્યાબેન પંકજભાઈ ડોડીયા, મણીબેન ચનાભાઈ કરંગીયા, ક્રિષ્નાબા જયેન્દ્રસિંહ જાડેજા, રામીબેન કારાભાઈ કરંગીયા,હીરાબેન ધીરૂભાઈ મહેતા, નાથીબેન રાજશીભાઈ બારીયા નામના સાત મહિલાઓને રૂ.૨૨૭૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

# જામનગરની જી.જી. હોસ્પિટલમા સારવાર અર્થે આવેલા માતા-પુત્રી લાપતા બની જતા શોધખોળ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક સિક્કા ગામથી જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં સારવાર માટે આવેલા માતા પુત્રી એકાએક લાપતા બની જતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. અને સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુમનોંધ કરાવાઈ છે. જે બંનેને પોલીસ શોધી રહી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના સિક્કા ગામમાં રહેતા જયેશભાઈ લખુભાઈ પરમાર જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આવીને જાહેર કર્યું હતું, કે પોતાની પત્ની હર્ષિતાબેન જયેશભાઈ પરમાર (ઉ.વ.૩૩) તથા તેની ત્રણ વર્ષની પુત્રી હિમાંશી જયેશભાઈ પરમાર કે જે બંને પુત્રીની સારવારના કામ માટે સિક્કાથી ૧૨મી તારીખે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં આવ્યા હતા.હિમાંશી, કે જેને જન્મજાતથી અસ્થમાની બીમારી હોવાના કારણે તેની સારવાર કરાવવા માટે માતા-પૂત્રી જામનગર આવ્યા હતા, પરંતુ હર્ષિતાબેનનો મોબાઇલ ફોન એકાએક સ્વીચ ઓફ થઈ ગયો હતો, અને ત્યારબાદ માતા પુત્રી બંને લાપતા બની ગયા હતા.આ બનાવ પછી પતિ જયેશભાઈ પરમાર જામનગર દોડી આવ્યા હતા, અને પોતાની પત્ની અને પુત્રીની અનેક સ્થળે શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો નહીં સાંપડતાં આખરે સિટી બી. ડીવીઝન પોલીસ મથકમાં ગુમ નોંધ કરાવી હતી.ઉપરોક્ત ગુમ થયેલ માતા પુત્રીને જામનગર પોલીસ શોધી રહી છે જે કોઈને આ અંગેની જાણકારી મળે તો જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં અથવા હનુમાન ગેઇટ પોલીસ ચોકીના એ.એસ.આઈ. નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# કર્મયોગી પરિવાર સુરત દ્વારા દેવગઢ ખાતે 'વૈચારિક ક્રાંતિ દ્વારા માનસ પરિવર્તન' પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

### ''આજની વાર્તા'' નામે દુર્લભ વાર્તાઓનો ખજાનો સમાજને અપર્ણ કરનાર શૈલેષ સગપરીયાએ બાળકોને વર્ષા ઋતુમાં વાતોથી ભીંજવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**અહેવાલ - મોહસીનખાન પઠાણ**


સૌરાષ્ટ્રમાં ભગતના ગામઠી પ્રચલિત એવા સાયલા તાલુકામાં શૈક્ષણિક ક્ષેત્રે અગ્રેસર સર્વોદય શૈક્ષણિક સંકુલ ખાતે કર્મયોગી પરિવાર સુરત અને માતુ કાશીબા હરિભાઈ ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના પ્રમુખ કેશુભાઈ હરિભાઈ ગોટીના સહયોગ અને માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને આયોજન બદ્ધ જીવન જીવવા અને સંકલ્પી જીવન જીવવાની કળા શીખવવા માટે દક્ષિણ ગુજરાતમાં ૮૮ કાર્યક્રમો કરીને સૌરાષ્ટ્રમાં પ્રથમ ૮૯માં 'વૈચારિક ક્રાંતિ દ્વારા માનસ પરિવર્તન' પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર શૈલેષભાઈ સગપરિયાએ પોતાની પ્રેરણાદાયક વાણીથી ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા હતા. તેમણે વિચારધારામાં સકારાત્મક પરિવર્તન અને મહેનત કરી સફળ થવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહકોનાં ઉદાહરણ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કર્મયોગી પરિવારના પરેશભાઈ ડોડીયા અને મમતાબેન પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સર્વોદય શૈક્ષણિક સંકુલ દેવગઢ, ઉપાસના વિદ્યાલય સુદામડા અને આદર્શ માધ્યમિક શાળા ખીંટલાના વિદ્યાર્થીઓ સહિત આસપાસના ગામોના શિક્ષકો, વાલીઓ અને શાળા સંચાલકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આશરે ૧,૨૦૦ જેટલા લોકોએ આ પ્રેરક પરિસંવાદમાં સહભાગી થઈને લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સંચાલક વિનોદભાઈ મેર, ટ્રસ્ટી મથુરભાઈ ગોયલ અને શાળાના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# એપાર્ટમેન્ટના ત્રીજા માળે બાળક ફલેટમાં ફસાતા દોડધામ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર શહેરના મેહુલ નગર નજીક વ્રજ રેસીડેન્સીના ત્રીજા માળે રહેતા પરિવારનો બે વર્ષનો પુત્ર પોતાના ઘેર એકલો હોય, અને રૂમનો દરવાજો અંદરથી લોક થઈ ગયો હતો, જેથી બુમાબુમ કરી મૂકતા ફાયરના જવાનોએ રેસ્ક્યુ કરીને ફલેટમાં જઇને દરવાજો ખોલીને બાળકને સહી સલામત બહાર કાઢી લીધો હતો.વ્રજ રેસીડેન્સીમાં ત્રીજા માળે રહેતા વિશાલભાઇ જાસોલીયા અને તેમના પરિવારજનો ફ્લેટની બહાર હોય અને બે વર્ષનો પુત્ર અંશ અંદર હોય અને દરવાજો અંદરથી લોક થતા દરવાજો ખુલી શક્યો ન હતો.

જેથી આ બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા. ફાયર શાખાના રાકેશ ગોકાણી પોતાની ટીમ સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને એપાર્ટમેન્ટની અગાસી પર દોરડું બાંધી ત્રીજા માળે ફ્લેટની બાલકની અંદર ઉતર્યા હતા, અને બાલકની નો દરવાજો કે જે ફાઇબર નો હતો, તેને મહેનત કરીને ખોલી નાખ્યો હતો, અને રૂમમાં પુરાયેલા બાળકને સહી સલામત રીતે બહાર કાઢી લીધો હતો. ફ્લેટનો દરવાજો લોક થઈ ગયો હતો, જે લોક ખોલીને પરિવારજનો ને બાળકનો કબજો શોપી દીધો હતો. પરિવારજનો સહિતનાએ હાશકારો અનુભવ્યો હતો.

# સાયલા વિજ કચેરીના નાયબ ઈજનેરને ધમકી આપ્યાની ફરિયાદ

### સુદામડાના શખ્સ સામે ફરજ રૂકાવટનો ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા વીજ કચેરીના નાયબ ઈજનેરને તમારો સ્ટાફ લાઈન કલીયર જલદી કેમ નથી આપતો તેમ કહી સુદામડાના શખ્સે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે સાયલા પોલીસ મથકે ફરજમાં રૂકાવટ અને ધમકીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. મુળ અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકાના ચોરીમાલા ગામના ૪૯ વર્ષીય ઓમપ્રકાશ હરીસીંહ મોડીયા હાલ સાયલાની ગંગાજમના સોસાયટીમાં રહે છે.

સાયલા વીજ કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. તા. ૩૦ જુલાઈના રોજ સવારે તેઓ કચેરીમાં રોજીંદુ કામ કરતા હતા. ત્યારે સુદામડાનો લાખા ઓઢભાઈ કરપડા આવ્યો હતો અને જોર જોરથી બોલી, અપશબ્દો કહી, ઓમપ્રકાશભાઈને જાતી અપમાનીત કરી તમારો સ્ટાફ લાઈન કલીયર કેમ જલદી આપતો નથી અને અમારા ઉપર વીજ વાયરો ચોરીની અવાનવાર શંકા કરાવો છો તેમ કહી બોલાચાલી કરી ધમકી આપી હતી. જયારે વીજ કંપનીની સરકારી વાહનના ડ્રાઈવર કીરીટસીંહને પણ ઈજનેરને કારમાં બહાર લઈ જશો તો પતાવી દઈશ તેવી ધમકી આપી હતી. આથી ઓમપ્રકાશભાઈએ પોલીસમાં અરજી આપી હતી. અને તેઓ રજા પર ઉતરી ગયા હતા.ત્યારે લાખાએ ફોન કરી મારા વિરૂધ્ધ અરજી કેમ આપી તું રજા પરથી પરત આવ એટલે તારૂ સારી રીતે વેલકમ કરૂ તેવી ધમકી આપી હતી. આ અંગે સાયલા પોલીસ મથકે સુદામડાના લાખા ઓઢભાઈ કરપડા સામે ફરિયાદ નોંધાતા વધુ તપાસ ડીવાયએસપી એન.કે. પટેલ ચલાવી રહ્યા છે.

## એચ-૧ બી વિઝા હવે લોટરી દ્વારા નહી પરંતુ સેલેરી રેન્કિંગ દ્વારા નકકી થશે !

અમેરિકામાં એચ-૧બી વિઝાને લઈને નવા નિયમોને વ્હાઈટ હાઉસની ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ રેગ્યુલેટરી અફેર્સ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. નવાં નિયમોમાં હવે એચ-૧બી (-૧) વિઝા માટેની લોટરીને બદલે પગારને પ્રાધાન્ય આપવામાં આવશે. એવું માનવામાં આવે છે કે, ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન વિઝા નિયમોમાં આ ફેરફારો પછી એચ -૧ બી વિઝા માટેની અરજીઓને પગારના આધારે ક્રમ આપવામાં આવશે. સરળ શબ્દોમાં કહીએ તો એચ-૧બી વિઝા વધારે પગારની ઓફર મળશે. હાલ લોટરી દ્વારા વિઝા મેળવવામાં આવે છે, જેમાં નામ આવ્યાં બાદ જ વિઝા આપવામાં આવે છે. જો કે અત્યાર સુધી યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝએ નવા નિયમો અંગે કોઈ જાણકારી શેર કરી નથી.

# જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુની બદલી ડો. રવિ મોહન સૈની નવા એસપીનો ચાર્જ સંભાળશે

**મુખ્ય સમાચાર, જામનગર**



રાજ્ય સરકાર દ્વારા આઈપીએસ અધિકારીઓની બદલી માટેના ગઈકાલે ઓર્ડર કાઢ્યા હતા, જેમાં જામનગર જિલ્લા ના એસપી ની બદલી કરવામાં આવી છે.

જામનગર ના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુની સુરેન્દ્રનગરના એસપી તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને અમદાવાદ થી ડો. રવિ મોહન સૈની ની નિમણૂક કરવામાં આવી છે, અને તેઓ જામનગરના નવા એસપી તરીકેનો ચાર્જ સંભાળશે. રવિ મોહન સૈની અગાઉ રાજકોટ ડીસીપી ત્યારબાદ પોરબંદર એસ.પી. તરીકે ફરજ બજાવ્યા બાદ અમદાવાદ ઝોન-૬ ના ડી.સી.પી. તરીકે ફરજ બજાવતા હતા જેઓ હવે જામનગરના જીલ્લા પોલીસ વડા તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. રાજસ્થાનનાં વતની ડો. રવિ મોહન સૈની ની બાળપણથી લઇ અત્યાર સુધીની ઝળહળતી કારકિર્દી પ્રેરણારૂપ છે. લગભગ અઢી દાયકા પૂર્વે કૌન બનેગા કરોડપતિ જુનિયરમાં તરૂણાવસ્થા માં રવિ મોહન સૈની એ તમામ સવાલોનો સાચો જવાબ આપી રૂ. એક કરોડ નું ઇનામ જીત્યું હતું.રવિ મોહનનાં પિતા નેવીમાં સેવારત હતા એથી રવિ મોહન સૈની એ વિશાખાપટ્ટનમની નેવલ પબ્લિક સ્કૂલમાંથી ધો. ૧૦ સુધીનો અભ્યાસ કર્યો હતો. આગળ જતા તેમણે વિજ્ઞાન વિષય સાથે ઉચ્ચ અભ્યાસ કરી જયપુરનાં મહાત્મા ગાંધી મેડીકલ કોલેજમાંથી અભ્યાસ કરી એમ.બી.બી.એસ. ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. આ દરમ્યાન તેઓ યુપીએસસી ની તૈયારી પણ કરતા હતા. ડોક્ટર તરીકેની ઇન્ટર્નશિપ દરમ્યાન જ તેમણે યુપીએસસી પરીક્ષા ઉત્તીર્ણ કરી અને આઈપીએસ ઓફિસર તરીકે કારકિર્દીનો આરંભ કર્યો હતો.

આમ જામનગરનાં નવા પોલીસ વડા બાળપણમાં કેબીસીમાં કરોડપતિ બનવાથી લઇ ડોક્ટર બન્યા પછી આઈપીએસ બનવા સુધીની સિદ્ધી ધરાવતા હોય યુવા વર્ગ માટે પ્રેરણારૂપ છે.

# દ્વારકાધીશના દર્શન કરી રીક્ષામાં આવતા રાજકોટના બે ભાઈઓને નડ્યો અકસ્માતઃ એક ભાઈનું મોત

### જામજોધપુરના બાલવા ગામમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી રહેલા શ્રમિકનું ઝેરી અસરથી મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ દ્વારકામાં જન્માષ્ટમીના પર્વના દિવસે દ્વારકાધીશજીના દર્શન કરીને રિક્ષામાં પરત ફરી રહેલા રાજકોટના બે ભાઈઓને અકસ્માત નડ્યો હતો. ધ્રોલ નજીક રીક્ષા રોડથી નીચે ઉતરી જઇ એક ઝાડ સાથે અથડાઈ પડતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા ચાલક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે. જ્યારે પાછળ બેઠેલા તેના ભાઈને ઈજા થઇ છે.રાજકોટમાં આરટીઓ ઓફિસ પાછળ રહેતા મનીષ રાજાભાઈ દેવરીયા (૨૩) અને તેનો ભાઈ હર્ષદ રાજાભાઈ દેવરીયા (૧૯), કે જે જન્માષ્ટમીના પર્વને લઈને પોતાની રીક્ષા માં બેસી રાજકોટ થી દ્વારકા પહોંચ્યા હતા, અને જગત મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કરીને તેઓ રીક્ષામાં રાજકોટ જવા માટે પરત ફર્યા હતા. દરમિયાન તેઓની રિક્ષા ધ્રોળ પાસે પહોંચતા એક ટ્રક ચાલકે પોતાનો ટ્રક ઓવરટેક કર્યો હતો, જેથી રીક્ષા ચાલક હર્ષદભાઈ કે જેણે પોતાની રીક્ષા સાઈડમાં લેવાનો પ્રયત્ન કરતાં રોડથી નીચે ઉતરી ગઈ હતી, અને ફુલ સ્પીડમાં હોવાથી એક ઝાડ સાથે ટકરાઈ ગઈ હતી. જે અકસ્માતમાં રીક્ષા ચાલક હર્ષદભાઈને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજા થઈ હોવાથી તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.જયારે મૃતક ના ભાઈ મનીષ રાજાભાઈ ને ઈજા થઈ હોવાથી સારવાર અપાઈ છે. આ અકસ્માતના બનાવ અંગે ધ્રોળ પોલીસ વધુ તપાસ ચલાવે છે.બીજા બનાવમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના બાલવા ગામમાં રહેતા અને ખેત મજૂરી કામ કરતા મહેશ દલસિંગભાઈ કટારા નામના ૪૦ વર્ષના આદિવાસી શ્રમિક યુવાનને પોતાની વાડીમાં કપાસના ઉભા પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી વખતે ઝેરી અસર થઈ હતી, અને બેશુદ્ધ બન્યો હતો.જેને સારવાર માટે જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકની પત્ની અનકુબેન મહેશભાઈ કટારાએ પોલીસને જાણ કરતાં જામજોધપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટનાં લોકમેળામાંથી ૫૦થી વધુ મોબાઈલ અને ૨૫ પાકિટ ચોરાયા

### મેળામાં દારૂ પીધેલા, ખીસ્સા કાપવાની ફીરાકમાં અને પજવણી કરનાર ૫૦થી વધુ શકમંદોને ઉઠાવી લેતી પોલીસઃ ૧૫૦ બાળકોનું પરિવાર સાથે મિલન કરાવાયુંઃ પોલીસના સઘન બંદોસ્તથી મેળામાં અનીચ્છનીય ઘટના નહીવત સમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રની શાન સમાન રાજકોટનો લોકમેળો પૂર્ણ થયો છે. પાંચ દિવસ સુધી ચાલેલા આ લોકમેળામાં ૧૫ લાખથી વધુ લોકોએ મોજ માણી હતી. લોકમેળા દરમિયાન શહેર પોલીસનો સ્ટાફ સતત ખડેપગે રહ્યો હતો.

શહેર પોલીસની સરહાનીય કામગીરીના લીધે લોકમેળામાં નહિવત સમાન અનિચ્છનીય ઘટનાઓ બની હતી. લોકમેળા દરમિયાન પોલીસે ૫૦થી વધુ શકમંદોને ઝડપી લીધા હતાં. જેમાં કેટલાક નશાની હાલતમાં હતા કોઈ ખિસ્સાકાતરૂઓ હતા તો કેટલાક યુવતી-મહિલાઓની પજવણી કરતા હોય તેઓને ઝડપી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. પાંચ દિવસ ચાલેલા આ લોક મેળા દરમિયાન ૨૫ થી વધુ લોકોના પાકીટ ચોરાયા હતા તો ૫૦થી વધુ મોબાઈલ ગુમ થયા હતા. જે પૈકી ચાર શખસોને પોલીસે રંગેહાથ ઝડપી મૂળ માલિકને મોબાઈલ પરત અપાવ્યા હતા.

રાજકોટના લોકમેળામાં શહેર ઉપરાંત સૌરાષ્ટ્રભરમાંથી લોકો લોકમેળાની મજા માણવા આવતા હોય છે. લોકમેળા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કલેક્ટર તંત્ર, કોર્પોરેશન અને પોલીસ દ્વારા અગાઉથી કરેલા સુચારૂ આયોજનના લીધે લોકમેળો સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, અને ડીસીપીઝોન-૨ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ મથકના પીઆઇની



રાહબરી હેઠળ લોકમેળામાં પોલીસ જવાનો ઉપરાંત ટ્રાફિક વોર્ડન, હોમગાર્ડ જવાનો અને એસઆરપીના જવાનો મળી ૬૫૦ થી વધુ જવાનો દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.પાંચ દિવસ ચાલેલા આ લોકમેળા દરમિયાન પોલીસ દ્વારા સવારના આઠથી રાત્રિના મેળો પૂરો થાય ત્યાં સુધી સતત ખડેપગે રહી સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન પ્ર.નગર પોલીસ મથકના પી.આઈ વીઆર વસાવાની રાહબરી હેઠળ પ્ર.નગર પોલીસે તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમે મળી ૫૦ જેટલા શકમંદોને ઉઠાવી લીધા હતા. જે શકમંદોમાં કેટલાક દારૂ પીધેલા હોવાનું તો કેટલાક ખિસ્સા કાતરવાની વેતરણમાં હોવાનું માલુમ પડયું હતું. આ ઉપરાંત કેટલાક શખસો લોકમેળામાં ભીડનો લાભ લઈ યુવતી અને મહિલાઓની પજવણી કરતા હોય તેઓને ઝડપી લઈ અહીં સ્થળ પર જ કાયદાનો પાઠ ભણાવ્યો હતો.

# વિરપુરની સરિયામતી નદી પરના થોરાળા ડેમમાં કેમીકલવાળો પદાર્થ નાખી લોકોના આરોગ્ય સાથે ચેડા

### અગાઉ GPCBને લેખિત ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી નહિ! અધિકારીઓના આંખ આડા કાન ! વીરપુર,પીઠડીયા, થોરાળા સહિત પાંચ ગામના લોકોમાં રોષ

**મુખ્ય સમાચાર, વીરપુર**

જેતપુર - વીરપુર પંથકમાં પ્રદુષણ માફીયાઓ બેફામ બન્યા છે,જેતપુરની ભાદર નદીમાં કેમિકલ યુક્ત પાણી છોડયાની ઘટનાઓ છાસવારે સામે આવે છે ત્યારે હવે પ્રદુષણ માફીયાઓએ યાત્રાધામ વીરપુર પાસેના નાની સિંચાય યોજનાનો સરિયામતી નદી પરના થોરાળા ડેમને પણ કેમિકલ યુક્ત પાણીથી બાકાત નથી રાખ્યું,



જેમને લઈને વિરપુર ગામના ખેડૂતોમાં તેમજ લોકોમાં રોપ જોવા મળી રહ્યો છે કારણકે વીરપુર અને પીઠડીયા ગામને પીવાનું પાણી પૂરું પડતાં અને ગામના જીવા દોરી સમાન એવો સરિયામતી નદીનો થોરાળા ડેમમાં કોઈ અજાણિયા શખ્સો દ્વારા પ્રદૂષિત પાણીનું ટેન્કર નાખીને અથવા કોઈ કેમિકલ પદાર્થ નાખી ડેમને પ્રદૂષિત કરી નાખવામાં આવ્યું છે જેના પગલે ખેડૂતો તેમજ ગામ લોકોમાં રોષ જોવા મળ્યો હતો, વીરપુર ગામની જીવાદોરી સમાન સરિયામતી ડેમ માંથી વિરપુર, પીઠડીયા તેમજ થોરાળા ગામના અંદાજિત ૨૦ હજાર જેટલા નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડે છે, તેમજ વીરપુર સહિત ચારથી પાંચ ગામના ખેડૂતોને સિંચાઈ માટે પાણીનો ઉપયોગ થાય છે,ડેમ પ્રદૂષિત થતાં ખેડૂતોના વાવેલા પાકને પણ નુકસાન થઈ રહ્યું છે સાથે વિરપુર સહિતના ત્રણ ગામના લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાના આક્ષેપો વિરપુરના ગામ લોકોએ તેમજ ખેડૂતોએ કર્યા હતા તેમજ થોરાળા ડેમને પ્રદૂષિત કરનાર સામે કડક પગલાં લેવાની માંગ કરી હતી.

વીરપુર અને આસપાસના વિસ્તારમાં થઈ રહેલ પાણી પ્રદૂષણને લઈને સિંચાઈ વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોળી આવ્યા હતા,સિંચાઈ વિભાગના સેક્શન ઓફિસર જેપી.રાબડીયાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે સરિયામતી નદીમાં અલગ અલગ જગ્યાએ તપાસ કરતા ડેમને પ્રદુષિત કેમિકલ યુક્ત કે પ્રદાર્થ નાખેલ હોય માટે ત્રાડઈઈને જાણ કરી છે તેમજ આ ડેમને પ્રદુષિત કરનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ વીરપુર પોલીસમાં ફરિયાદ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. વીરપુર પાસેના થોરાળા ડેમને અવારનવાર પ્રદુષણ માફીયાઓ દ્વારા કેમિકલ યુક્ત પાણી છોડવામાં આવે છે ત્યારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા છાસવારે ચેકિંગ કરવામાં આવે છે અને પાણીના સેમ્પલ પણ લઈ જાય છે પરંતુ આજ સુધી આ પાણી સેમ્પલનો રિપોર્ટ આવ્યો નથી! ત્રછઈઈ ના અધિકારીઓને જાણ હોવા છતાં પણ પ્રદૂષણ માફિયાઓ સતત પાણી પ્રદૂષણ કરતાં રહે છે, આ બાબતે વિરપુર ગામના સરપંચે રમેશભાઈ સરવૈયાએ અગાઉ પણ પ્રદુષણ વિભાગને લેખિતમાં ફરિયાદ પણ કરેલ છે જે જોતાં ત્રઋઈઈ દ્વારા આ પ્રદૂષણ માફિયાઓ સામે કડક પગલાં લે તે જરૂરી છે, ત્યારે પ્રદૂષણ ને નિયંત્રણ કરવું ખુબજ જરૂરી છે, ત્યારે સરિયામતી નદી પરના ડેમના પાણીને પ્રદુષિત કરતાં પ્રદૂષણ મફિયા સામે કડક કાર્યવાહી સાથે કડક સજા પણ કરવાંમાં આવે તેવી ખેડૂતો તેમજ લોકોમાં માંગ ઉઠી છે.

# જૂનાગઢમાં નરાધમ બાપે માસુમ દીકરીને બનાવી હવસનો શિકારઃ મદદ માંગતા પડોશી શખસે પણ દુષ્કર્મ ગુજાર્યુ, બંને ઝડપાયા

### દીકરી ૧૦ વર્ષની હતી ત્યારથી પિતા દુષ્કર્મ ગુજારતો હતો, પાંચ વર્ષે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ શહેરમાં એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેણે સમાજને શરમજનક સ્થિતિમાં મૂકી દીધો છે. એક નરાધમ પિતાએ પોતાની ૧૦ વર્ષની માસૂમ દીકરીને પાંચ વર્ષ સુધી હવસનો શિકાર બનાવી હોવાનો કિસ્સો પોલીસ દફ્તરે નોંધાયો છે. આ ઘટના એટલી ગંભીર છે કે, જ્યારે ૧૫ વર્ષની આ તરુણીએ મદદ માટે પડોશી શખ્સનો સંપર્ક કર્યો, ત્યારે તે શખ્સે પણ તેની નિર્દોષતાનો લાભ લઈ દુષ્કર્મ ગુજાર્યુ હતુ. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે.

પોલીસ રિપોર્ટ અનુસાર, સગીરાની માતા માનસિક રીતે અસ્વસ્થ છે અને તેની બે બહેનોમાંથી એક બહેન મામાના ઘરે રહે છે. આ એકલતાનો લાભ લઈને હવસખોર પિતાએ પોતાની ૧૦ વર્ષની દીકરી પર પહેલીવાર દુષ્કર્મ ગુજાર્યું અને ત્યારથી સતત પાંચ વર્ષ સુધી આ કુકર્મ ચાલુ રાખ્યું. હાલ ૧૫ વર્ષની સગીરાએ હિંમત દાખવી અને પોતાના પિતાની કરતૂતની જાણ પડોશમાં રહેતા એક શખ્સને કરી, પરંતુ તે શખ્સે મદદ કરવાને બદલે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યુ.આ ઘટના ૧૮૧ હેલ્પલાઈનના ધ્યાને આવતાં તેમણે તાત્કાલિક પગલાં લીધાં.

પોલીસે સગીરાનું કાઉન્સેલિંગકરી તેનું નિવેદન નોંધ્યું અને પિતા તેમજ પડોશી શખ્સ સામે પોક્સો એક્ટ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો. તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહી કરીને બંને આરોપીઓને હસ્તગત કરી લીધા છે અને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સમાજમાં રહેલી નૈતિકતાની ખોટ અને સગીર બાળકોની સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઉભો કર્યો છે.

# વડોદરામાં તા. ૨૭થી વાયુસેનામાં અગ્નિવીરોની ભરતી મેળો યોજાશે

વાયુસેનામાં અગ્નિવીર બનવા માટે સમગ્ર ગુજરાતના યુવાનો માટે આવી અમૂલ્ય તક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય વાયુસેના દ્વારા ગુજરાત રાજ્ય તથા બે કેન્દ્રશાસિત પ્રદેશના અપરણીત પુરુષ અને મહિલા ઉમેદવારો માટે અગ્નિવીર વાયુની ઓપન ભરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી રેલી વડોદરા જિલ્લાના દરજીપુરા એરફોર્સ સ્ટેશન ખાતે યોજાશે. ભરતી રેલી ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સવારે પાંચ વાગ્યાથી શરૂ થશે. જેમાં ૨૭ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન અપરણીત પુરુષ ઉમેદવારોની તેમજ ૩૦ અને ૩૧ ઓગસ્ટ દરમિયાન અપરણીત મહિલા ઉમેદવારોની ભરતી પ્રક્રિયા યોજાશે.

આ ભરતી માટે ઉમેદવાર અપરણીત હોવો જરૂરી છે તથા તેમનો જન્મ ૧ જાન્યુઆરી ૨૦૦૫ થી ૩૧ જુલાઈ ૨૦૦૮ (બન્ને તારીખ સહીત) વચ્ચે થયેલો હોવો જોઈએ. ઉમેદવારોએ કેન્દ્ર, રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા માન્યતા પ્રાપ્ત શિક્ષણ બોર્ડમાંથી ૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે તેમજ અંગ્રેજીમાં ૫૦ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી આવશ્યક છે.

ઉમેદવારોએ બે વર્ષનો વ્યાવસાયિક અભ્યાસક્રમ અથવા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી ત્રણ વર્ષનો ડિપ્લોમા કોર્સ (મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ, કમ્પ્યુટર સાયન્સ, ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનોલોજી અથવા માહિતી ટેકનોલોજી) પણ ૫૦ ટકા ગુણ સાથે પાસ કરેલો હોવો જોઈએ અને તેમાં અંગ્રેજીમાં ૫૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ.

ભરતી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. આધાર કાર્ડ, ડોમિસાઈલ સર્ટિફિકેટ અને તમામ શૈક્ષણિક પ્રમાણપત્રોની તપાસ બાદ શારીરિક કસોટી લેવામાં આવશે જેમાં ઊંચાઈ માપ્યા પછી ૧૬૦૦ મીટરની દોડ તથા પુશ અપ, સીટ અપ અને સ્ક્વાટ લેવામાં આવશે. તે બાદ લેખિત પરીક્ષા યોજાશે. લેખિત પરીક્ષામાં સફળ થતા ઉમેદવારોને બીજા દિવસે એપ્ટિટ્યૂડ ટેસ્ટ ૧ એટલે કે સીટ્યુએશન રિએક્શન ટેસ્ટ અને એપ્ટિટ્યૂડ ટેસ્ટ ૨ એટલે કે ગ્રુપ ડિસ્કશન માટે બોલાવવામાં આવશે.

ઉમેદવારોને ભરતી રેલીમાં હાજર થતી વખતે નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ તમામ દસ્તાવેજો ઓરિજિનલ તથા બે નકલમાં સાથે લાવવા જરૂરી છે. તેમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ, ધોરણ ૧૦ની તથા અન્ય અભ્યાસની માર્કશીટ, ડોમિસાઇલ સર્ટિફિકેટ, NCC સર્ટિફિકેટ (હોઈ તો), ભારતીય વાયુસેનામાં સેવા આપતા જવાનો અથવા સરકારી કર્મચારીઓના સંતાનો માટે જરૂરી પ્રમાણપત્ર, સરકારી કર્મચારીઓ માટે એન.ઓ.સી. સર્ટિફિકેટ તેમજ જો હાથ પર ટેટુ હોય તો તેનો પોસ્ટકાર્ડ સાઇઝ ફોટોગ્રાફ સાથે લાવવા જરૂરી છે.

આ ભરતી રેલી અંગે વધુ વિગતવાર માહિતી અને માર્ગદર્શન ભારતીય વાયુસેનાની ઓફિશ્યલ વેબસાઈટ https://agnipathvayu.cdac.in પરથી મેળવી શકાય છે. વડોદરા જિલ્લા રોજગાર કચેરી દ્વારા વડોદરા જિલ્લાના ઉમેદવારો માટે પરીક્ષાલક્ષી ત્રીસ દિવસની નિવાસી તાલીમ વિનામૂલ્યે આપવામાં આવશે. ઉપરાંત ભરતી રેલી સારી રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર તથા શ્રમ કૌશલ્ય અને રોજગાર વિભાગ દ્વારા મંડપ, ઈલેક્ટ્રિક, ટેબલ-ખુરશી, પીવાનું પાણી, રિફ્રેશમેન્ટ, સ્વચ્છતા, કાયદો અને ટ્રાફિક વ્યવસ્થા, ટ્રાન્સલેટર શિક્ષક તથા ઉમેદવારો માટે રાત્રિ રોકાણ જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ભરતી રેલી અંગેની તાજી માહિતી માટે વાયુસેનાની વેબસાઈટની મુલાકાત લેતા રહે તથા વડોદરા જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવા વડોદરા જિલ્લા રોજગાર કચેરીના મદદનીશ નિયામક અલ્પેશ ચૌહાણ દ્વારા જણાવાયું છે.

# તહેવાર દરમ્યાન ઝૂ ખાતે ૬૬૩૭૨ અને રામવન ખાતે ૫૪૩૦ મુલાકાતીઓએ મુલાકાત લઈ આનંદ માણ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઈન્ડિયાના માર્ગદર્શન મુજબ આધુનિક ઢબે વિકાસ કરવામાં આવતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે આવતા હોય છે. આ વર્ષે તા.૧૫/૦૮/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ દરમ્યાન પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે કુલ-૬૬૩૭૨ અને રામવન ખાતે-૫૪૩૦ મુલાકાતીઓએ મુલાકાત લઈ આનંદ માણ્યો હતો. તેમ,મેયર નયનાબેન પેઢડિયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને બાગ બગીચા અને ઝૂ સમિતિનાં ચેરમેન સોનલબેન સેલારાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

પ્રદ્યુમન પાર્ક ઝૂ ખાતે તા.૧૫-૦૮-૨૦૨૫ના રોજ ૧૫૦૬૮, તા.૧૬-૦૮-૨૦૨૫ના રોજ ૨૨૨૯૮. તા.૧૭-૦૮-૨૦૨૫ના રોજ ૧૯૦૨૦ અને તા.૧૮-૦૮-૨૦૨૫ના રોજ ૯૯૮૬, એમ કુલ-૬૬૩૭૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

રામવન ખાતે તા.૧૫-૦૮-૨૦૨૫ના રોજ ૬૫૪, તા.૧૬-૦૮-૨૦૨૫ના રોજ ૧૯૭૯. તા.૧૭-૦૮-૨૦૨૫ના રોજ ૧૫૩૭ અને તા.૧૮-૦૮-૨૦૨૫ના રોજ ૧૨૬૦, એમ કુલ-૫૪૩૦ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

## સીટી સમાચાર

### અપહૃત સગીરાઓની જાણકારી આપવા અંગે

રાજકોટમાં ગોકુલનગર મેઈન રોડ પર રહેતા દિલીપભાઈ ખતવેની સગીર વયની દીકરીનું ગત તા. ૧૧ જુલાઈના રોજ સાંજના આશરે ૦૭ કલાકે અજાણ્યા ઇસમે અપહરણ કર્યું હતું. તે ઉંચાઈ ૦૫ ફીટ, બાંધો મધ્યમ, વર્ણ ઘઉં, વાળ કાળા, આંખ કાળી અને ચહેરો ગોળ ધરાવે છે. તેણે કાન અને નાકમાં દાગીના પહેર્યા છે. તે હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. તેણે આછા લીલા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. તરુણી વિશે જાણકારી મળે તો પી.એસ.આઇ. શ્રી ડી. એસ. ગજેરાના મો.નં. ૯૮૨૪૦ ૮૯૦૦૨ પર સંપર્ક કરવા માલવીયાનગર પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

આ ઉપરાંત, રાજકોટમાં ભાવનગર રોડ પર ભાવેશ ગ્લાસ હાઉસ કારખાનામાં રહેતા જગદીશભાઈ આહીરની સગીર વયની દીકરીનું ગત તા. ૦૯ ઓગસ્ટના રોજ બપોરે પોણા ૦૧ વાગ્યાના અરસામાં અજાણ્યા ઇસમે અપહરણ કર્યું હતું. તરુણી વિશે જાણકારી હોય તો રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૩૮૯૫૫૨ પર સંપર્ક કરવા થોરાળા પોલીસ મથકની યાદીમાં જણાવાયું છે.

### પૂર્વ વડપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતીની નિમિત્તે પુષ્પાંજલિ

પૂર્વ વડપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૮૧મી જન્મજયંતી નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૦૮/૨૦૨૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રેસકોર્સ એરપોર્ટ રોડ બાજુના ખૂણા પાસેની તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે. આ કાર્યક્રમમાં જોડાવા રાજકોટ મહાનગરપાલિકાના સહાયક કમિશનરશ્રી બી.એલ.કાથરોટીયાએ નાગરિકોને અનુરોધ કર્યો છે.

### ગુમસુદાની જાણકારી આપવા અંગે

રાજકોટ શહેરમાં રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે છોટુનગરમાં રહેતા ૨૦ વર્ષીય રોહિતભાઈ વારૈયા ગત તા. ૦૭ ઓગસ્ટના રોજ ઘરેથી ગુમ થઇ ગયા હતાં. તે પાતળો બાંધો અને ઘઉં વર્ણ ધરાવે છે. તેણે ખાખી રંગનો શર્ટ અને ગુલાબી રંગનું પેન્ટ પહેર્યું છે. તેણે ધો. ૦૩ સુધી અભ્યાસ કર્યો છે. જો કોઈને ગુમસુદા અંગે જાણકારી હોય તો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના મો.નં. ૬૩૫૯૬ ૨૭૩૮૧ અથવા મો.નં. ૯૯૭૯૧ ૪૯૫૬૪ અથવા રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૭૭૭ પર સંપર્ક કરવા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

### રાજકોટની ઉદ્યોગનગર કોલોનીમાંથી ગુમ થનારી મહિલાની ભાળ આપવા અનુરોધ

રાજકોટમાં લોહાનગર મેઈન રોડ પર આવેલી ઉદ્યોગનગર કોલોનીના ક્વાર્ટર નં.૧૪૧માં રહેતાં શોભનાબહેન દેવજીભાઈ મકવાણા (ઉ.૫૨) ૧૭મી ઓગસ્ટે સવારે ૭.૩૦ કલાકે પોતાના ઘરેથી ગુમ થઈ ગયા છે. આ મામલે અતુલભાઈ દેવજીભાઈ મકવાણા (ઉ.૫૨)એ પોલીસમાં નોંધ કરાવી છે. આ મહિલાની જો કોઈ ભાળ મળે તો એ ડિવિઝન પોલીસ સ્ટેશન, રાજકોટ શહેર, ફોન નં. ૦૨૮૧૨-૨૨૬૬૫૯/ ૬૩૫૯૬ ૨૭૪૩૬ ઉપર અથવા પોલીસ કંટ્રોલરૂમ રાજકોટ શહેર ૦૨૮૧-૨૪૫૭૭૭૭ ઉપર જાણ કરવા યાદીમાં અનુરોધ કરાયો છે.

### વેણુ-૨ ડેમના ૩ દરવાજા ૧.૦૬ મીટર ખોલાયા- હેઠવાસના ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકા પાસે આવેલ વેણુ-૨ જળાશયમાં ૩ દરવાજા ૧.૦૬ મીટર ખોલેલ છે. જળાશયમાં પાણીનું લેવલ ૫૪.૫ મીટર છે. જળાશય વરસાદી પાણીથી ૮૦ ટકા ભરાયેલ હોવાથી રુલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે વેણુ-૨ ડેમના નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં આવેલ ઉપલેટા તાલુકાના ગધેથડ, વરજાંગ જાળિયા, મેખાટીંબી, નાગવદર, નીલાખા સહિતના ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં સુચના આપવામાં આવી છે.

### સાંકરોલી ડેમ ઓવરફ્લો - હેઠવાસના ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના



અમરેલી જિલ્લાનો સાંકરોલી ડેમ ૦.૨ મીટર ઓવર ફ્લો થયેલ છે. જળાશયમાં પાણીનું લેવલ ૪૪.૨ મીટર છે. આથી સાંકરોલી ડેમના નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં આવેલ જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામના લોકોને સલામત સ્થળે ખસી જવા ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં સુચના આપવામાં આવી છે.

### સુરવો જળાશય ૮૦% ભરાતાં ચેતવણી સંદેશ

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકા પાસે આવેલા સુરવો જળાશયમાં ૮૦% પાણી ભરાયેલું છે. આગામી દિવસોમાં આ ડેમ પૂર્ણ સપાટીએ ભરાતા અથવા ઓવરફ્લો થતા પાણી છોડવામાં આવશે. ત્યારે જેતપુર તાલુકાના થાણાગાલોળ ગામના લોકોને નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા, ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં ચેતવણી સંદેશ અપાયો છે.

# જસદણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં સફાઈ કામદારો જોડાયા




**મુખ્ય સમાચાર, જસદણ**

ગત તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ દેશના ૭૯મા સ્વતંત્રતા પર્વની ઉજવણી દેશભરમાં કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાની જસદણ નગરપાલિકા દ્વારા પણ સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સફાઈ કામદારોને જોડવામાં આવ્યા હતાં. તેમજ તેમને નમસ્તે યોજનાનો લાભ લેવા અનુરોધ કરાયો હતો.

ઉલ્લેખનીય છે કે ભારત સરકારની NAMASTE (National Action for Mechanized Sanitation Ecosystem) યોજનાનો ઉદ્દેશ શહેરી વિસ્તારમાં ગટર અને સેપ્ટીક ટેન્કની જોખમી સફાઈ દરમિયાન સફાઈ કામદારોનું મૃત્યુ ન થાય, તેમની સલામતી, સ્વાસ્થ્ય અને ગૌરવ જાળવવા અને તેમને યોગ્ય આજીવિકા પૂરી પાડવાનો છે.

# નિલમ પાર્કમાં ફાયરીંગ કરનાર બે શખસો પકડાયા,રિમાન્ડ પર







બદલો લેવા માટે યુવક પર જીવલેણ હુમલો કર્યો હતોઃ હથીયાર કોની પાસેથી આવ્યુ? તે સહીતની પુછતાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ પર જંગલેશ્વર પાસેના નિલમ પાર્કમા રહેતો અને કરીયાણાની દુકાન ચલાવતા યુવક પર બે શખસોએ ફાયરીંગ કરી નાસી ગયાના બનાવમાં ભકિતનગર પોલીસે બન્ને શખસોને દેશી તમંચા સાથે ઝડપી લઈ તેની ઘરપકડ કરી બન્ને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મેળવી હથીયાર કોની પાસેથી મેળવ્યુ ? તેમજ અન્ય કોઈ શખસોની સંડોવણી છે કે કેમ ? તે સહીતની પુછતાછ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ નિલમ પાર્કમાં ખ્વાજા એપાર્ટમેન્ટમાં રહેતા અને ઘર પાસે કેજીએન નામે કરીયાણાની દુકાન ચલાવતા શાહનવાઝ મુસ્તાકભાઈ ત્રેવણ (ઉ.૨૦) સાતમના દિવસે રાત્રીના તેના ઘર પાસે ફોનમાં વાત કરતો હતો તે દરમ્યાન મોટર સાઈકલમાં ઘસી આવેલા પરેશ ગઢવી અને ભયલુ ગઢવીએ તો તને મારી જ નાખવો છે કહી ફાયરીંગ કરી નાસી જતા ધવાયેલા યુવકને સારવાર માટે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવની જાણ થતા ભકિતનગર પોલીસે હત્યાની કોશીષ સહિતનો ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી હતી. દરમ્યાન પોલીસે તપાસ કરતા અગાઉ મકર સક્રાંત ના તહેવાર દરમ્યાન પેંડાના સાગ્રીત એવો પરીયા ગઢવી પર સમીર ઉર્ફે મરથાએ ફાયરીંગ કર્યા હતા તે સમયે શાહનવાઝ તેની સાથે હોય અને ગોકુલધામ સોસાયટીની યુવતીના મામલે આ ડખ્ખો હોવાનુ બહાર આવ્યુ હતુ જે બનાવ બાદ બદલો લેવા સામે ફાયરીંગ કર્યા હોવાનુ બહાર આવતા પોલીસે તપાસ કરી પુનીતનગરમાં રહેતો પરીયો ઉર્ફે પરેશ ગઢવી અને આશાપુરા નગરમાં રહેતો ભયલુ ઉર્ફે જીતેશ દિનેશભાઈ રાબાને દેશી તમંચા સાથે ઝડપી લઈ તેની ઘરપકડ કરી કોર્ટ હવાલે કર્યા હતા જેમા કોર્ટ એ બન્ને અરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજુર કરતા પોલીસે વધુ પુછતાછ કરી છે.

# પડધરીના સરપદડમાં ખરાબામાં દબાણ કરનારને લાખોનો દંડ

સરકારી જમીન ઉપર દારૂની પાર્ટી-જુગારધામ ચાલતું હોવાની ફરિયાદઃ ગ્રામજનોની ફરિયાદ બાદ તપાસમાં કરોડોની કિંમતની આઠ એકરથી વધુ જમીનમાં દબાણ ખુલ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના સરપદડ ગામે કરોડો રૂપિયાની કિંમતી સરકારી જમીનમાં દબાણ કરી લઈ માથાભારે તત્વો દ્વારા જુગારધામ ચલાવવાની સાથે અહીં દારૂની પાર્ટી કરવામાં આવતી હોવાથી ગ્રામજનો સાંજના સમયે પોતાની વાડીએ જઈ શકતા ન હોવાની ફરિયાદ કરવામાં આવતા મામલતદાર દ્વારા તપાસ કરવામાં આવતા સરકારી જમીનમાં આઠ એકરથી વધુ જગ્યામાં દબાણ હોવાનું સામે આવતા બે અલગ અલગ કિસ્સામાં ૧,૧૬,૮૮૦નો દંડ ફટકારી દબાણ ખુલ્લું કરવા હુકમ કરવામાં આવ્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ પડધરી તાલુકાના સરપદડ ગામની સીમમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૨૪ની સરકારી ખરાબાની જમીન ઉપર દબાણ કરી તાર ફેન્સીંગ કરવાની સાથે અહીં મકાન બનાવી લઈ માથાભારે તત્વો દ્વારા અહીં જુગારધામ અને દારૂની પાર્ટી કરવામાં આવતી હોવાની ફરિયાદ સરપદડ ગામના ગ્રામજનોએ કરી હતી. સાથે જ સાંજના સમય બાદ ગ્રામજનો પોતાના વાડી-ખેતરે જઈ શકતા નહોવાનું ફરિયાદમાં જણાવતા મામલતદાર પડધરી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી.

વધુમાં પડધરી મામલતદારની સ્થળ તપાસમાં સરપદડ ગામના સરકારી ખરાબાના રેવન્યુ સર્વે નંબર ૪૨૪માં મોન્ટુરાજા ફાર્મના માલિક જયદીપસિંહ રાજેન્દ્રસિહ ઝાલા દ્વારા અલગ અલગ બે સરકારી જમીનમાં દબાણ કર્યું હોવાનું સામે આવ્યું હતું. સરકારી જમીનમાં દબાણ કરવા બદલ મામલતદાર દ્વારા દબાણ કેસ ચલાવી ૮ એકર જમીનમાં છેલ્લા પાંચ વર્ષથી દબાણ કરવા સબબ ૧,૧૦,૦૮૦ તેમજ ૨૦૦૦ ચોરસ મીટર જમીન ઉપર દબાણ કરવા બદલ ૬,૮૦૦ રૂપિયા દંડ ફટકારી કરોડોની કિંમતી સરકારી જમીન ઉપરથી દબાણ ખુલ્લું કરવા આદેશ કર્યો હતો.

# પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો આજથી આરંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જૈનોના મહાપર્વ એવા પર્યુષણ મહાપર્વનો આજે બુધવારથી પ્રારંભ થઈ રહ્યો છે. આઠ દિવસ ચાલનારા આ પર્વમાં જૈન શ્રાવક-શ્રાવીકાઓ તપ અને ધર્મ આરાધના કરી કર્મોની નીર્ઝરા કરશે. વહેલી સવારથી સાંજ સુધી જિનાલયો અને ઉપાશ્રાયોમાં વીવીધ કાર્યક્રમો યોજાનાર છે. પર્યુષણ મહાપર્વના અંતીમ દિવસે તા. ૨૭મી ઓગસ્ટના રોજ સંવત્સરી પર્વે જૈનો મહાપ્રતીક્રમણ કરી જગતના ૮૪ લાખ જીવોની ક્ષમાયાચના પણ કરશે.

જૈન ધર્મમાં ઓળી, આઠમ, પાખી જેવા અનેક પર્વ આવે છે. પરંતુ પર્યુષણ પર્વને મહાપર્વ ગણવામાં આવે છે. જયોતીષ શાસ્ત્ર મુજબ વર્ષમાં એક વાર સુર્ય અને ચંદ્ર પોતાના સ્વગૃહમાં આવે છે. આ સમયગાળામાં આવતા પર્યુષણ મહાપર્વના દિવસોમાં તપ અને આરાધના કરવાથી તેનો વિશેષ લાભ મળે છે. દેરાવાસી અને સ્થાનકવાસી જૈનોના આ વર્ષે પર્યુષણ એક સાથે જ આવે છે. ત્યારે આજે તા. ૨૦મી ઓગસ્ટને બુધવારથી પર્યુષણ મહાપર્વની શરૂઆત થનાર છે. આજથી જીનાલયોમાં પ્રભુજીની પ્રતીમાને આંગી કરવામાં આવશે. શ્રાવકો પ્રભુજીની પુજા કરી સ્તવનગાન કરશે. જયારે ગુરૂ ભગવંતોના મુખેથી પ્રભુ મહાવીરની વાણીનું શ્રાવણ, ભકતામર સ્તોત્રનું ગાન, સામાયીક, પ્રતીક્રમણ, નવકાર મંત્રના જાપ સહીતની ધર્મ આરાધનાઓ થશે.

# ભારતનો નકશો જેના થકી ઝળહળે છે તેવા અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની છબી પોસ્ટરમાંથી હટાવાઈ : તુષિત પાણેરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર દેશવાસીઓ ખુબ હરખ થી પ્રતીક્ષા કરતા હતા કે ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ નિમિત્તે પીએમ નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી સરદાર વલ્લભ ભાઈ પટેલ ની ૧૫૦ મી જન્મ જયંતી વર્ષ ની ઉજવણી ની જાહેરાત કરી સરદાર પટેલ નું સમ્માન વધારશે પણ તેવું ન કરીને ઉલટું સરદાર પટેલ ની અવહેલના કરી છે . . આજે અખંડ ભારત નો નકશો જેના થકી ઝળહળે છે તે લોહપુરુષ સરદાર પટેલ ને કેન્દ્ર ની ભાજપ સરકારે પોતાના પોસ્ટર મા પણ સ્થાન ન આપીને સરદાર પટેલ નું તેમની દોઢસો મી જન્મ જયંતી ના દિવસે જ અપમાન કર્યું છે તેવુ સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરીએ જણાવ્યું હતું

તેમણે વધુમાં જણાવ્યું કે આ વાત યાદ કરતા પણ ગુસ્સો આવે કે સાવરકર ની અધ્યક્ષતા મા હિન્દુ મહાસભા એ ૧૯૪૨ મા '' અંગ્રેજો ભારત છોડો '' ચળવળ ને દબાવવા તેના બ્રિટિશ આકાઓ ને નિર્લજ્જતા પૂર્વક ટેકો આપ્યો હતો , આ સમયે સાવરકર ની હિન્દુ મહાસભા અને મુસ્લિમ લીગ ના સુપ્રીમો મહમ્મદ અલી ઝીણા બન્ને એ સાથે મળીને બંગાળ , સિંધ પ્રાંત મા સરકારો રચી હતી , સાવરકરની સંમતિથી હિંદુ મહાસભાના કાર્યાધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી ના આરાધ્ય પુરુષ ડો શ્યામા પ્રસાદ મુખર્જી બંગાળ પ્રાંત ની ફઝલુલ હક સરકાર મા સન ૧૯૪૧ - ૪૨ દરમિયાન નાણા મંત્રી હતા

આ સાવરકર ને વિશ્વ વિભૂતિ , રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી થી કદ મા મોટા દેખાડવા ના આ હલકા કારસ્તાન થી ભાજપની જૂની અને જાણીતી ઝેરીલી ફાંસીવાદી માનસિકતા દેશવાસીઓ સામે સ્પષ્ટ થઈ છે સ્વતંત્ર ભારત અને અખંડ ભારત ની ધરોહર ગાંધી - સરદાર નું અપમાન જોઈને દેશવાસીઓ આ બાબતે કેન્દ્ર ની ભાજપ સરકાર ને પત્ર ઝુંબેશ મારફત સવાલ પૂછે તેવું તેમણે જણાવ્યું હતું.

# વૃધ્ધાને પુત્રના લગ્ન કરાવી દેવાની લાલચ આપી રૂ.૨ લાખની છેતરપિંડી

પરિવારે મકાન ગીરવે મુકી બેન્કમાંથી લોન લઇ પૈસા આપ્યા હતાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી નજીક કામદાર સોસાયટીના કવાર્ટરમાં રહેતા અને કેટરર્સનું કામ કરતાં વૃધ્ધાને પુત્રના લગ્ન કરાવી દેવાની લાલચ આપી પૂર્વ પાડોશીએ બે લાખ રૂપિયા લઇ લગ્ન ન કરાવી છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ બી.ડી.કામદાર સોસાયટીના કવાર્ટરમાં રહેતા ગૌરીબેન પ્રવીણભાઈ ઓળકિયા (ઉ.વ.૭૦)એ તેના જૂના પાડોશી અમીત હરીદાસભાઈ કુબાવત સામે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેનો નાનો પુત્ર રવિના લગ્ન થતાં ન હોય જેથી અગાઉ પાડોશમાં રહેતા અમીત કુબાવતને પુત્રના લગ્ન માટે વાત કરી હતી. જેથી તેને કાકા પુત્રની વહુ કર્ણાટક ખાતે લગ્ન કરી લઇ આવેલ હોવાનું જણાવ્યું હતું.

દરમિયાન ગૌરીબેન અને અમીતભાઈ સહકાર રોડ ઉપર રહેતા જેન્તીભાઈના ઘરે મળવા માટે ગયા હતાં અને તેના પુત્રની લગ્ન વાત કરી હતી. ત્યાર બાદ અમીતભાઇ તેના ઘરે આવ્યા હતાં અને બે લાખ રૂપિયા તૈયાર રાખજો, લગ્નની વાત થઈ છે, હું છોકરીની વ્યવસ્થા કરું છું તેવી વાત કરી હતી. જેથી વૃધ્ધાએ તેનું મકાન ગીરવે મુકી બેન્કમાંથી બે લાખ રૂપિયાની લોન લીધી હતી અને અમીતભાઈને પૈસા આપ્યા હતાં. બાદમાં અમીતભાઈને ફોન કરતાં તેઓ અવાર-નવાર બહાના બતાવતા હોય જેથી તેને તેના પુત્રના લગ્ન નથી કરવા પૈસા પાછા આપી દો તેમ વાત કરતાં તેને થોડા દિવસ બાદ પૈસા પરત આપી દેવાનું કહી મકાનને તાળાં મારી નાશી જઈ તેની સાથે છેતરપિંડી કર્યા હોવાનું જણાવતા જમાદાર કે.પી.સાગરે ગુનો નોંધી આરોપી અમીત કુબાવતને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# જુના યાર્ડ પાસે રાત્રે ટ્રાવેલ્સ બસો પર પથ્થરમારોઃ તોડફોડ, ટ્રાફિકજામ

સોમનાથ, કેશોદ, મેંદરડાથી સુરત જઇ રહેલી જય વૃજ, દર્શન, સંતકૃપા, જય જલારામ ટ્રાવેલ્સની બસો નિશાન બનીઃ આજીડેમ પોલીસને લેખિત અરજી અપાતાં તપાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જુના માર્કેટ યાર્ડ નજીકના રોડ પર રાત્રીના સવા દસ આસપાસ કોઇ અજાણ્યા શખ્સોએ અંધારામાંથી રોડ પરથી પસાર થઇ રહેલી ખાનગી ટ્રાવેલ્સની ચાર બસો પર પથ્થરોના ઘા કરતાં આગળના કાચ ફુટી ગયા હતાં. એક બસમાં સાઇડના દરવાજાનો કાચ પણ ફુટી ગયો હતો. ઓચીંતા પથ્થરમારાને કારણે મુસાફરો, ડ્રાઇવર, ક્લીનરોમાં ભય ફેલાઇ ગયો હતો. આ અંગે આજીડેમ પોલીસને લેખિત ફરિયાદ અરજી આપવામાં આવતાં તપાસ શરૂ થઇ છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ રાત્રીના દસથી સવા દસ વચ્ચે સોમનાથ, કેશોદ, મેંદરડા, રાજકોટથી સુરત જવા નકળેલી જય વૃજ ટ્રાવેલ્સ, દર્શન ટ્રાવેલ્સ, સંતકૃપા ટ્રાવેલ્સ અને જય જલારામ ટ્રાવેલ્સની લક્ઝરી બસો આજીડેમ ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ આગળ વધી રહી હતી ત્યારે જુના માર્કેટ યાર્ડ નજીક પહોંચી તે વખતે ચારેય બસો પર પથ્થરોના ઘા આવતાં આગળના કાચ ફૂટયા હતાં. એક બસમાં સાઇડનો દરવાજા પાસેનો કાચ પણ ફુટી જતાં ચાલકોએ બસ ઉભી રાખી દીધી હતી અને જે તરફથી પથ્થરના ઘા આવ્યા તે તરફ તપાસ કરી હતી. પણ અંધારામાં કોઇ નજરે ચડયું નહોતું.

રાતે જે ચાર બસો પર પથ્થરના ઘા થયા તે તમામ મુસાફરોને લઇ સુરત જવા નીકળી હતી. પથ્થરમારાને કારણે બસ ઉભી રાખી દેવામાં આવતાં થોડો સમય ટ્રાફિક જામ થઇ ગયો હતો. આ અંગે આજીડેમ પોલીસને જાણ થતાં પીએસઆઇ વી. એમ. બરાલીયા સહિતે પહોંચી તપાસ કરી હતી. ટ્રાવેલ્સ સંચાલકે હાલ પુરતી અરજી આપી છે જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

# જુલાઇમાં સાઇબર ફ્રોડના ૨૮ કરોડ લોકોને પરત મળ્યા

ગુજરાત પોલીસ દ્વારા દર મહિને યોજાતી મન્થલી ક્રાઈમ કોન્ફરન્સનું આ મહિનાનું સત્ર નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલા વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે યોજાયું હતું. સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પાવન સાનિધ્યમાં યોજાયેલી એક દિવસીય કોન્ફરન્સમાં રાજ્યભરના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં છેલ્લા એક મહિનામાં કરાયેલી કામગીરીની સમીક્ષા તેમજ આવનારા સમયની રણનીતિ, પોલીસ તંત્ર દ્વારા ગુનાખોરી પર નિયંત્રણ લાવવા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત કરવા તેમજ જનહિતના મુદ્દાઓ પર વધુ અસરકારક રીતે કામગીરી માટે ચર્ચા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સ બાદ પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયે જણાવ્યું કે, રાજ્યમાં ગુનાખોરીને ડામવા માટે પોલીસ વિભાગ દ્વારા વિવિધ તબક્કે પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. વ્યાજખોરો સામે કડક કાર્યવાહી હાથ ધરી સામાન્ય નાગરિકોને વ્યાજખોરોના સકંજામાંથી મુક્તિ મળે તેના ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ કાર્યવાહી અંતર્ગત જૂલાઈ માસમાં ૬૪ જેટલા કેસમાં ફરિયાદ નોંધવામાં આવી અને ૧૦૫ જેટલા આરોપીઓને પકડવા માટેની કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે વર્ષ દરમિયાન ૪૦૦ જેટલાં કેસમાં ૯૫૬ જેટલા આરોપીઓને પકડી લેવામાં આવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં પિસ્તોલ સાથે મહિલા ગિરફતારઃ નામચીન શખ્સની પત્ની અને પુત્રની પણ સંડોવણી

## હથિયારનો શોખીન પિસ્તોલ સાથે ફરતો'તો; માતા-પુત્રએ હથિયાર તેના સબંધીને સાચવવા આપ્યું, ત્રણેય ઝડપાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા નામચીન અને કુખ્યાત ગણાતા અને બજરંગવાડીમા રહેતા યાકુબ મોટાણીનાં પત્ની અને પુત્રએ ફરી લખણ ઝળકાવ્યા છે. પોલીસની ફરજમા રુકાવટ કરતા યાકુબ મૌટાણીનાં પુત્રની ધરપકડ કરવામા આવી હતી ધરપકડ બાદ પોલીસની પુછપરછમા જાણવા મળ્યુ કે આરોપી પોતાનાં વિસ્તારમા અને મીત્રો પાસે રોફ જમાવવા માટે પિસ્તોલ સાથે રાખી ફરતો હતો અને હાલ આ પિસ્તોલ તેમનાં માતા અને તેમણે તેમનાં સબંધીનાં ઘરે બજરંગવાડીમા રાખ્યા હોવાની જાણ થતા પોલીસે પંચોને સાથે રાખી બજરંગવાડીમા મોમીન સોસાયટીમા રહેતા સબંધીને ત્યા તપાસ કરતા ત્યાથી એક દેશી બનાવટની પિસ્તોલ અને કાર્ટીસ મળી આવી હતી આ ઘટનામા પોલીસે આરોપી મહીલા અને યાકુબ મોટાણીની પત્ની અને પુત્ર વિરુધ્ધ આર્મસ એકટ અને હદપારીનો ગુનો નોંધ્યો હતો.

આ અંગેની પોલીસમાથી પ્રાપ્ત વીગતો મુજબ ટ્રાફીક શાખામા ફરજ બજાવતા પોલીસમેન પ્રદીપસિંહ કરણસિંહ રાણાવત એ ગાંધીગ્રામ પોલીસમા કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણીનાં પુત્ર કોનેન સામે ફરીયાદ નોંધાવી હતી જેમા તેમણે જણાવ્યુ હતુ કે તે ભોમેશ્વર ફાટક પાસે હોમગાર્ડ શૈલેષભાઈ સાથે ફરજ પર હતા ત્યારે એક રીક્ષામા આવેલા શખસે નીચે ઉતરી શેરીમાથી બેરીકેટ લગાડેલુ હતુ તે ખોલવાનો પ્રયાસ કરતા પોલીસ મેને તેને અટકાવી ટ્રાફીક હળવો થયા બાદ બેરીકેટ ખોલવાનું કહેતા ઉગ્ર માથાકુટ થઈ હતી અને આરોપીએ કહ્યુ કે આખા રાજકોટની પોલીસ મને ઓળખે છે . હુ કોનેન યાકુબ મોટાણી છુ. તેમ કહી હુ તમારા ટોપી અને પટ્ટા ઉતરાવી નાખીશ. તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી આ ઘટનામા ગાંધીગ્રામ પોલીસે કોનેનની ધરપકડ કરી પોલીસ મથકે લઈ જવામા આવ્યો હતો.

ત્યારબાદ જાણવા મળ્યુ કે આરોપી કોનેન મોટાણી કુખ્યાત છે અને પોતે પોતાનાં વિસ્તારમા ધાક જમાવવા પોતાની પાસે ગેરકાયદેસર પિસ્તોલ રાખી ફરે છે અને હાલ આ પિસ્તોલ તેમની માતા બિલ્કીશબેને બજરંગવાડીમા આવેલી મોમીન સોસાયટી શેરી નં ૧ મા રહેતા રોશનબેન ઈકબાલભાઈ ફલાણીને સાચવવા આપી હોવાની માહીતી મળતા ગાંધીગ્રામ પોલીસ મથકનાં પીએસઆઇ એમ. વી જાડેજા અને સહદેવસિંહ જાડે જા સહિતનો સ્ટાફ પંચોને સાથે રાખી રોશનબેનનાં ઘરે પહોંચ્યો હતો અને ત્યા રોશનબેન તેમજ બીલ્કીશબેન હાજર હતા. ત્યા પિસ્તોલ અંગે પુછપરછ કરતા તેમનાં ઘરમાથી એક દેશી બનાવટની પિસ્તોલ અને કાર્ટસ મળી આવ્યુ હતુ રોશનબેનની પુછપરછ કરતા તેમણે જણાવ્યુ હતુ કે આ પિસ્તોલ તેમણે સબંધી બિલ્કીશબેન અને તેમનાં પુત્ર કોનેને સાચવવા આપી હતી. આ ઘટના બાદ પોલીસે રોશનબેન અને બીલ્કીશબેનની અટકાયત કરી આર્મસ એકટનો ગુનો નોંધ્યો હતો.

# મોટામવાની કિંમતી જમીનના સાટાખત કરારની અમલવારીનો દાવો રદ કરતી કોર્ટ

## વાદી પાસે કોઈ વિગત નહીં હોવાના અને દાવો સમય મર્યાદામાં થયો નહીં હોવાની દલીલો ગ્રાહ્ય રખાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટા મવા સર્વે નંબરની કીંમતી કુંજ તત્ર ખેતીની ત્રણ એકર જમીન સંદર્ભે અમલવારીનો દાવો સમય મર્યાદા તેમજ વાદી પાસે કોઈ વિગત ન હોવાના કારણોસર સિવિલ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવ્યો છે.

આ અંગેની હકીકત મુજબ, મુંબઈના કૈલાશકુમાર ભીખાલાલ પારેખે ૨૦૦૮ની સાલમાં રાજકોટ સિવિલ કોર્ટમાં કરાર પાલન સંબંધે એવા પ્રકારનો દાવો દાખલ કરેલ કે મોટામવાના રે.સ.નં. ૫૦ની કાલાવડ રોડ ઉપર આવેલ જમીન એ. ૧૧-૨૪ ગુંઠા માંહેથી જમીન એ.૩-૦૦ ગુંઠા ખેંગારજી ગગુભાઈ જાડેજા અને ચતુરસિંહ ગગુભાઈ જાડેજાએ રૂા. ૧૨,૦૦૦/-માં તેને વેચાણ આપી હતી, અને રૂ. ૧૦,૦૦૦/- સુથી પેટે સ્વીકારી તા. ૦૪/ ૦૨/૧૯૭૮ના રોજ સાટાખતનો કરાર કરી આપેલ હતો અને કરારની શરત પ્રમાણે ખરીદનાર કૈલાશકુમાર પારેખ બિનખાતેદાર હોય તેમણે ખેતીની જમીન મેળવવા પરવાનગી તેના ખર્ચે મેળવી વેચાણ દસ્તાવેજ કરાવી લેવાનો હતો.

દરમિયાન આ કરાર પાલનના દાવાનો મુળ ખાતેદાર ખેડૂત ખેંગારજી ગગુભા જાડેજા અને ચતુરસિંહ ગગુભા જાડેજાના વારસો વર્તી ધારાશાસ્ત્રી અર્જુન પટેલ અને કેતન શાહ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો, આ દાવામાં પુરાવો પુર્ણ થયા બાદ એવી દલીલ કરવામાં આવી હતી કે, આ કરાર ડિલેના કારણે, કાયદાથી પ્રતિબંધીત હોવાના કારણે અને કરાર સાબિત થતો ન હોવાના કારણે આ દાવો રદ કરવો જોઈએ. અદાલતે આ બંને ધારાશાસ્ત્રીઓની દલીલો ગ્રાહય રાખી દાવો રદ કરતાં ઠરાવેલ છે કે, પડેલા પુરાવ-ાથી તેમજ વાદીની ઉલટ તપાસથી અદાલત સમક્ષ એવી હકીકત જણાઈ આવે છે કે ૧૧ એકરમાંથી દાવાવાળી ૩ એકર જમીન કેવી રીતે ઓળખી શકાય તે હકીકત વાદી જણાવી શકતા નથી. તેમજ હાલનો દાવો તેઓએ કોની સામે કરેલ છે તે પણ તેમને યાદ નથી. દાવાવાળી મિલ્કતનો સોદો લેખિત હતો કે મૌખિક તે પણ તેમને યાદ નથી. તેમજ આંક-૯૯વાળો સાટાખત કોણે તૈયાર કરેલ છે તે બાબતે પણ આ ખરીદનાર કંઈ જાણતા નથી. આમ આ વાદી સાટાખતમાં લખવામાં આવેલી હકીકતો પુરવાર કરી શક્તા નથી. અદાલતે વધુમાં એવું પણ નોંધ્યુ છે કે, આ ખરીદનાર ખાતેદાર ખેડૂત નથી. ત્યારે આવા સાટાખતનો કરાર વોઈડ કરાર છે અને વોઈડ કરાર મુળથી જ રદ બાતલ છે. જેથી આવા પ્રકારના કરારનું પાલન કરાવી શકાય નહી. તેમ ઠરાવી વાદીનો કરાર પાલનનો દાવો રદ કર્યો છે. આ કેસમાં પ્રતિવાદીઓ વતી એડવોકેટ તરીકે રાજકોટના એડવોકેટ અર્જુન એસ. પટેલ, કેતન શાહ, સંજય શાહ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

# રાજકોટમાં ૧૦ વર્ષના પુત્રને ફડાકા ઝીંકનાર નસેડીને સમજાવવા ગયેલા માતા-પિતા ઉપર હુમલો

## મેટોડામાં યુવકને માર મારી ચાર શખ્સોએ પગમાં બાઈકનું ગરમ સાયલન્સર અડાડી ડામ દીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયાધાર વિસ્તારમાં દારૂના નશામાં ૧૦ વર્ષના પુત્રને માર મારતાં શખ્સને માતા-પિતા સમજાવવા વચ્ચે પડતાં નશેડીએ બાળકના માતા-પિતાને માર માર્યો હતો. જેમાં યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે ની મળતી વિગત મુજબ, રૈયાધાર વિસ્તારમાં ૧૨ માળીયા કવાર્ટરમાં રહેતાં ભુપતભાઈ ઉમેશભાઈ પરમાર (ઉ.૪૦) પોતાના ઘર પાસે હતાં ત્યારે સુનિલ ધામેલીયાએ ઝઘડો કરી ઈંટ પથ્થર વડે માર માર્યો હતો. ભૂપતભાઈ પરમારને ઈજા પહોંચતાં સારવાર માટે

સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. પ્રાથમિક પુછપરછમાં હુમલાખોર શખ્સ ઈજાગ્રસ્ત યુવકના ૧૦ વર્ષના પુત્રને દારૂના નશામાં ફડાકા મારતો હતો ત્યારે તેને સમજાવ-તાં નશાખોર શખ્સે ૧૦ વર્ષના બાળકના માતા-પિતાને માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સાગઠીયા નામનો ૨૩ વર્ષનો યુવાન મેળામાંથી રાત્રીનાં સમયે ઘરે પરત આ ઉપરાંત બીજા બનાવમાં મેટોડામાં રહેતો નિતીન રમેશભાઈ

ફરતો હતો ત્યારે મેટોડા ગેઈટ નં.૨ પાસે ચા-નાસ્તો કરવા ઉભો રહ્યો હતો. તે દરમિયાન હાથ અડી જવા મુદ્દે ટગો ઉર્ફે ગૌતમ અને નાનો ઉર્ફે ઉમેશ સહિતના શખ્સોએ ઝઘડો કરી પ્લાસ્ટીકના પાઈપ વડે માર માર્યો હતો અને બાઈકના ગરમ સાયલન્સર સાથે યુવકનો પગ અડાળી ડામ દીધો હતો. યુવકને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લક્ષ્મીનગરમાં પારકો ઝઘડો જોવા ગયેલા યુવાન ઉપર શખ્સ પાઈપ વડે તૂટી પડયો

## હુમલામાં ઘવાયેલા યુવકને સારવારમાં ખસેડાયો; હુમલાખોર શખ્સ વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લક્ષ્મીનગરમાં પારકા ઝઘડામાં જોવા ગયેલા યુવાનને આરોપીએ પાઈપ વડે માર મારતા તેમને સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

વધુ વિગતો મુજબ, લક્ષ્મીનગર સોસાયટી શેરી, ૨માં રહેતા ઉમેશભાઈ નારાયણભાઈ જાડેજા(ઉ.વ.૫૪)એ વૈભવ ધોળકીયાનું નામ આપતા તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. ઉમેશભાઈએ ફરિયાદમાં જણાવ્યુ હતું કે, ગઈ તા. ૧૮/૦૮ ના રોજ સાંજના મારી પત્ની શીલાબા ને મુકવા માટે ભગવતીપરામાં રહેતા મારા નાના ભાઈ પ્રવિણસિંહના ઘરે મારી માલીકીની એક્ટીવા લઈને ગયો હતો અને રાત્રીના હું એકલો મારા ભાઇના ઘરેથી મારા ઘરે આવવા માટે મારૂ બાઈક લઈને નિકળેલ હતો ત્યારે લક્ષ્મીનગર શેરી નં ૦૧, શુલભસૌચાલય પાસે રાત્રીના આશરે પોણા નવેક વાગ્યાની આસપાસ પહોચતા ત્યા અમુક માણસો ઝઘડો કરતા હોય જેથી હું બાઈક સાઈડમાં રાખી ત્યા જોવા જતા મને કોઈએ પાછળથી આવી એક પાઈપ ડાબા કાન પર મારતા કાન માથી લોહી નિકળવા લાગેલ જેથી મે પાછળ ફરીને જોયુ તો લક્ષ્મીનગર શેરી નં ૦૧ માં રહેતો વૈભવ ધોળકીયા હતો.આ અંગે માલવીયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# શિવાજીનગરમાં ભાડુઆતે ભાડુ નહી ચુકવી મકાન ખાલી કરવાને બદલે માલીક પર કર્યો હુમલો

## જુદા-જુદા બે સ્થળે મારામારી; મહિલા સહિત બેને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના શિવાજીનગરમાં રહેતા આધેડ સાથે ભાડુઆતે ભાડુ નહીં ચુકવી મકાન ખાલી કરવા બદલે ઝઘડો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, શિવાજીનગરમાં રહેતાં મનસુખભાઈ નાથાભાઈ બારૈયા નામના ૫૪ વર્ષના આધેડ સાંજના સમયે દૂધસાગર રોડ પર આવેલ પોતાના બાલાજી પસ્તી ભંડારનાં



ડેલામાં હતાં ત્યારે જીતો અને રમીબેન સહિતના ચાર શખ્સોએ લોખંડના વજનિયા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં હુમલાખોર શખ્સો ઈજાગ્રસ્ત આધેડના મકાનમાં ભાડે રહે છે. હુમલાખોર શખ્સોએ ભાડુ નહીં ચુકવી અને મકાન ખાલી કરવાના બદલે માલિક ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

અન્ય બનાવમાં ચુનારાવાડમાં રહેતાં વિનોદ દામોદર ત્રિલોક (ઉ.૩૦) સાથે તેની પત્ની સુમીબેને ઝઘડો કરી ધારદાર હથિયાર વડે હાથમાં ઈજા પહોંચાડી હતી. જ્યારે બીજા બનાવમાં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં આવેલ સિતારામ સોસાયટીમાં રહેતી શંભુબેન સુધીરભાઈ યાદવ નામની ૩૫ વર્ષની પરિણીતાને (ઉ.૩૫)ને સુબોધ યાદવે વેલણ અને સાસણી વડે માર માર્યો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર વકીલને આંતરી સાત શખ્સોએ છરીની અણીએ ધમકી આપી બાઇકમાં કરી તોડફોડ

## ટ્રાફિકને અડચણરૂપ વાહનોને હટાવવા પોલીસને ફોન કર્યાનો ખાર રાખી આચર્યું કૃત્ય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર શ્રીજી હોટેલ નજીક ટ્રાફિકને અડચણ રૂપ થતા વાહનોને હટાવવા એક વકીલે ૧૦૦ નંબરમાં કોલ કરતા પોલીસે આવી વાહન હટાવ્યા હતા અને આ સમયે વાહન હટાવવા પોલીસમાં કોલ કર્યાનો ખાર રાખી એક કાર અને બે બાઈકમાં આવેલા કુલ સાતેક શખ્સોએ વકીલને ધમકી આપી બાઈકનો મોરો તોડી નુકશાની કરી હતી.

આ અંગેની વિગતો મુજબ, જગન્નાથ પ્લોટ શેરી નં.૨/૪ ના ખુણે રહેતા ધર્મેશભાઈ યશવંતભાઈ ચોકસી(ઉ.વ.૪૭)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું રાજકોટ કોર્ટમા વકીલાતની પ્રેકટીસ કરૂ છું.રાત્રિના ૦૦/૩૦ વાગ્યા મારા બાઈક મા કાલાવડ રોડથી મારા ઘર તરફ વળવા જતા ત્યા શ્રીજી હોટલ પાસે આવેલ ચોકમા આઠ થી દસ ગાડીઓ રોડ ઉપર ટ્રાફીકને અવર જવર કરવામા અડચણરૂપ થાય તેમ રસ્તા વચ્ચે પડેલ હોય જેમા અમુક કાર નંબર વાળી તથા અમુક કાર નંબર પ્લેટ વગરની હતી જેથી મે ૧૦૦ નંબર ઉપર ફોન કરી આ વાહનોને હટાવવા માટે કોલ કરી પોલીસ ગાડી બોલાવતા પોલીસ આવેલ અને તેઓએ આ અડચણ રૂપ વાહનોને દુર કરાવેલ હતા અને પોલીસ નીકળી ગયા બાદ આ વાહનો જેમા એક માણસનુ નામ હાર્દિક દીલીપ રાઠોડ તથા એક એકટીવા ફેન્સી નંબર-૯૯૯ નો ચાલક તેઓ મારી સાથે ઝઘડો કરી તે પોલીસને કેમ બોલાવેલ હતા..? આમ કહી મને ગાળો દેવા લાગેલ અને મને કહેલ કે તારે જીવવુ છે ને.. આમ કહી મને મારી નાખવાની ધમકી આપેલ અને મે પોલીસ ને ફરીથી બોલાવવા કોલ કરતા આ બન્ને જતા રહ્યા હતા.

આમ હાર્દિક દિલીપ રાઠોડ તથા એકટીવા ફ્રેન્સી નંબર-૯૯૯ નો ચાલક તથા તેના બાઈકમા બેઠેલ બે શખ્સો તેમજ સફેદ કલરની કારમા આવેલ બે શખ્સ અને અન્ય એક શખ્સે મે ટ્રાફીક અડચણ રૂપ થતા વાહનો સાઇડ મા રખાવવા પોલીસમા ફોન કરતા તેઓએ આ વાતનો ખાર રાખી મારી સાથે ઝઘડો કરી ગાળો આપી અને હુ નીકળી જતા મારી પાછળ પીછો કરી આવી અને મને રોકી છરી બતાવી એક થી વધુ વખત મારી નાખવાની ધમકી આપી અને જો પોલીસ ફરીયાદ કરીશ તો પણ મારી નાખવાની ધમકી આપી જતા જતા મારી બાઈકના પ્લાસ્ટિકના મોરા ઉપર ઢીકો મારી બાઈકનો મોરો તોડી નુકશાન કર્યું હતું. આ મામલે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગાંધીગ્રામમાં પંખાના પૈસા લેવા ગયેલા યુવાન ઉપર મિત્ર સહિત ત્રણ શખ્સોનો હુમલો

## જીવતો જવા દેવો નથી, મારી જ નાખવો છે કહી માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દોઢસો ફૂટ રીંગ રોડ ગાંધીગ્રામ શેરી નંબર ૭માં રહેતા અદનાન અલ્તાફભાઇ વિંધાણી(ઉ.વ.૨૨)ને પંખાના પૈસા મામલે મારમારતા નાણાવટી ચોક પાસે ક્વાર્ટરમાં રહેતા ભરત કોળી ઉર્ફે ટકો, નરેન્દ્રસિંહ દરબાર અને મુસા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી.

અદનાને ફરિયાદમાં જણાવ્યું હતું કે,સેતુબંધ સોસાયટી શેરી નં ૨ માં યુનિક માર્કેટીંગની એજન્સી આવેલ હોય તેમાં હું સેલ્સમેન તરીકે કામ કરુ છુ.ગઈકાલ તા.૧૮/૦૮ના રાત્રીના આશરે સાડા નવથી દસની વચ્ચે હું મારા ઘરે હોય ત્યારે મારા મિત્ર ભરત કોળી ઉર્ફે ટકો હોય તેને મેં તેના મોબાઇલ નંબર પર ફોન કરી કહેલ કે મેં તને બે પંખા આપેલા છે જેના રૂ૩૫૦૦ થાય તે મને તું આપી દે તો તેણે મને કહેલ કે હું અત્યારે રવેચી હોટલ ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે મારા ઘરની નજીક છકે બેઠો છું તું આવીને લઈજા જેથી હું મારુ એક્સેસ લઈને ત્યાં પહોંચેલ તો આ ભરતે મને કહેલ કે થોડીવાર રાહ જો નરેન્દ્રસિંહ દરબાર આવે એટલે પૈસા આપી દવ તેમ કહ્યું હતું.

આ દરમ્યાન નરેન્દ્રસિંહ દરબાર આવી ગયેલ અને ભરતે પૈસા અંગે વાતચીત કરતાં નરેન્દ્રસિંહ દરબારે મને કહેલ કે તારા પૈસા ભૂલી જા આપવાના થતાં નથી તેમ કહી તેણે નજીકમાં ગાડી નીચેથી ધોકો કાઢેલ અને ગાળો આપી ધોકા વડે આડેધડ માર મારવા લાગ્યો હતો અને ભરતે પણ મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ અને એક ત્રીજો માણસ મૂસો છે તે પણ મને ઢીકાપાટુ વતી માર મારતો હોય મને પકડી રાખી કહેલ કે આને જીવતો જવા દેવો નથી મારી જ નાખવો છે તેમ કહી અને ગાળો બોલતાં હું આ લોકોથી બચીને દોડીને ભાગી ગયેલ અને અને એક રીક્ષામાં બેસી સીવીલ હોસ્પીટલ સારવારમાં દાખલ થઈ ગયો હતો.આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# રુડાનગરમાં નાના ભાઇના પ્રેમ પ્રકરણમાં મોટાભાઈને માર પડયો

## યુવાન ઉપર યુવતીના કાકા અને ભાઈ પાઈપ અને છરી વડે તૂટી પડ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ ઈસ્કોન મંદિરની પાછળ રુડાનગરમાં રહેતા સંદીપભાઈ રાવતભાઈ માંકડ (ઉ.વ.૨૬)ના નાના ભાઈ મનદીપને આ શિવરાજ ખાચરની બેન સાથે પ્રેમ સંબંધ હોય અને તે બાબતે નાના ભાઈને આ શિવરાજ ખાચરના મમ્મી સાથે બોલાચાલી થયેલ જેનો ખાર રાખી શિવરાજ ખાચર તથા તેના કાકા મંગળુભાઈ ખાચર બંનેએ મને છરી અને પાઈપ વડે માર મારી તેમજ મારા નાના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાવી છે.

સંદીપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલ તા.૧૮/૦૮ના રાત્રિના હું તથા મારાથી નાનો ભાઈ મનદીપ તથા મારા બા મણીબેન એમ બધા ઘરે હાજર હતા તે દરમિયાન અમારા ઘરની ડેલી બહાર ખખડાવેલ જેથી હું તથા મારા નાનીમા એમ બંને બહાર આવી જોતા મંગળુભાઈ ખાચર કે જે રાજકોટ વૈશાલી નગર-૨૨માં રહે છે અને આ મંગળુભાઈ નો ભત્રીજો શિવરાજ ખાચર જે પણ કોર્ટના પાટિયા પાસે રહે છે તે બંને ઉભા હોય અને મને કહેલ કે તારું નામ મનદીપ છે જેથી મેં કહેલ કે ના મારા ભાઈનું નામ છે તો આ બંનેએ મને કહેલ કે તારા ભાઈને બહાર બોલાવ તેને આજે મારી નાખવો છે અને શિવરાજ પાસે છરી હોય અને મંગળું પાસે પાઈપ હોય મને તથા મારા નાની માને ખ્યાલ આવી ગયેલ કે આ બંને મારા ભાઈને મારવા માટે આવ્યા છે. તેથી હું ડેલી બંધ કરવા જતાં આ બને એ મને બહાર ખેંચી લીધેલ અને શિવરાજે મારા પર છરીનો ઘા કરેલ અને મને ડાબા હાથે કાંડા નજીક લાગી ગયેલ હું દેકારો કરવા લાગતા આ મંગડુભાઈ પાસે પાઈપ હોય તેના વતી મને આડેધડ મારવા લાગેલ અને મને બંને પગના ઘૂંટણમાં તથા માથામાં માર મારેલ અને હું ત્યાં પડી ગયેલ અને પડોશીએ અહીં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો.

# ભગવતીપરામાં સંબંધના નાતે આપેલા ૭૦ હજાર પરત નહીં મળતાં યુવકનો આપઘાતનો પ્રયાસ

## જુદા જુદા સાત સ્થળે પરિણીતા સહિત સાત લોકોએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભગવતીપરામાં રહેતાં યુવાને સંબંધના નાતે મકાન લેવા આપેલા રૂા.૭૦ હજાર પરત નહીં મળતાં યુવાને ફિનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, ભગવતીપરામાં રહેતાં કૃણાલ રિતેશભાઈ મલસાતર નામનો ૨૧ વર્ષનો યુવાન સાંજના સમયે પોતાના ઘરે હતો ત્યારે ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં કૈલાસભાઈ નામના વ્યક્તિને મકાન લેવા રૂા.૭૦ હજાર એક વર્ષ પહેલા આપ્યા હતાં. જે કૈલાસભાઈ હાલ ફોન રિસીવ કરતાં ન હોવાનું અને રૂપિયા પરત નહીં આપતાં હોવાના આક્ષેપ સાથે યુવાને ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય બનાવમાં જુદા જુદા સાત સ્થળે પરિણીતા સહિત સાત લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધું હોવાની ઘટના સામે આવી છે. જેમાં રૈયાધાર વિસ્તારમાં રોજીબેન રોહિતભાઈ પરમાર નામની ૨૪ વર્ષની પરિણીતાએ યુનિવર્સિટી પોલીસ મથક સામે ટેન્શનમાં એસિડ પી લીધું હતું,

આજી ડેમ ચોકડી પાસે માનસરોવરમાં રહેતાં બબ્લુ ધીરૂભાઈ સોલંકી (ઉ.૨૫)એ પત્ની શિતલબેન છેલ્લા છ મહિનાથી બીજા સાથે ભાગી જતાં એસિડ ગટગટાવી લીધું હતું. વૈશાલીનગરમાં રહેતી આશાબેન મુકેશભાઈ આદીવાસી નામની ૨૫ વર્ષની પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. કોઠારીયા ગામે આવેલી જીવનકિરણ સોસાયટીમાં રહેતાં મનીપ લક્ષ્મણભાઈ પરમાર (ઉ.૩૦) અને કોઠારીયા રોડ પર આશાપુરા સોસાયટીમાં રહેતાં પ્રવિણભાઈ નાથાભાઈ ડાભી (ઉ.૪૫)એ પોતપોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફીનાઈલ પી લીધું હતું. જ્યારે રૈયાગામ વિસ્તારમાં આવેલ સંકલ્પ હાઈટસમાં રહેતાં મહેન્દ્રભાઈ મોહનભાઈ ઓઝા નામના ૬૬ વર્ષના વૃધ્ધે મગજ ભમતો હોવાથી ઝેરી દવા પી લીધી હતી. ઝેરના પારખા કરનાર પરિણીતા સહિતનાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં વૃધ્ધાને રિક્ષામાં બેસાડી લૂંટ ચલાવનાર ગેંગ ઝડપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ચૂનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતાં સવિતાબેન બચુભાઈ ઝાલા (ઉં.વ. ૭૦) ગત ૧૩મી તારીખે ખંભાળિયા નાકા પાસેથી પોતાના ઘરે જવા માટે રિક્ષાની રાહ જોઈ રહ્યાં હતાં. તે સમયે, એક સીએનજી રિક્ષા આવીને ઊભી રહી, જેમાં પહેલેથી જ એક મહિલા અને ત્રણ પુરુષો બેઠેલા હતા. સવિતાબેન ૨૦ રૂપિયાના ભાડામાં રિક્ષામાં બેઠા. રિક્ષા ચાલુ થયા બાદ, આ તમામ શખ્સોએ વૃદ્ધાને માર મારી અને ધમકી આપીને તેમના હાથમાંથી સોનાની બંગડીઓ લૂંટી લીધી. ત્યારબાદ, તેમને રસ્તામાં જ ઉતારી દઈને ભાગી ગયા હતા.સવિતાબેને તાત્કાલિક સિટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી. રિક્ષાના નંબરના આધારે પોલીસે ગોરધનપર વિસ્તારમાં રહેતી વિજયાબેન રૂપેશભાઈ પરમાર, રૂપેશ જેરામભાઈ પરમાર, અજય સોલંકી, લાલજીભાઈ સોલંકી અને આકાશ ચંદુભાઈ પરમારની અટકાયત કરી. પોલીસે તેમની પાસેથી લૂંટમાં ગયેલી સોનાની બંગડીઓ અને ગુનામાં વપરાયેલી રિક્ષા પણ જપ્ત કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ એકલા મુસાફરોને નિશાન બનાવીને રોકડ અને દાગીના લૂંટતી હતી. આ ટોળકીની ધરપકડથી જામનગરમાં ચાલતી આવી લૂંટની ઘટનાઓ પર અંકુશ આવશે.

# હત્યાની કોશિશના ગુનામાં લોકગાયક દેવાયત ખવડના જામીન મંજૂર

## સુલેહશાંતિ જોખમાય નહિ એ માટે લેવાયેલા અટકાયતી પગલાં બાદ મામલતદારે જામીન આપ્યાઃ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં રિવિઝન અરજીઃ ૨૧મીએ સુનાવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સનાથલ ગામના યુવાન ધ્રુવરાજસિંહ ચૌહાણ (ઉ.વ.૨૪) ઉપર લુંટ ચલાવી હત્યાનો પ્રવાસ કરવાના કેસમાં ગત રવિવારે પકડાયેલા લોકડાયરા કલાકાર દેવાયત ખવડ સહિત સાત આરોપીઓ વેરાવળની નીચલી અદાલતમાં સોમવારે જામીન પર મુક્ત થવા બાદ તેમની સામે પોલીસે અટકાયતી પગલાં લીધા હતા. સુલેહ-શાંતિ જોખમાય નહીં એ માટે જામીન લેવા પોલીસે મંગળવારે સાંજે તાલાલા મામલતદાર સમક્ષ આરોપીઓને રજૂ કર્યા હતા. મામલતદારે રૂ.૧૦ હજારના બોન્ડ ઉપર તમામ આરોપીઓને જામીન ઉપર મુક્ત કર્યા હતા.

બીજી તરફ મુખ્ય ઘટનામાં તપાસનીશ પોલીસ અધિકારીની ચૂકના કારણે ખવડ સહિતના આરોપીઓ જામીન ઉપર મુક્ત થવાનું બહાર આવ્યું છે. તાલાલા પંથકમાં ભારે ચકચાર જગાવનાર આ બનાવના આરોપીની વધુ તપાસ માટે તાલાલા પોલીસે સાત દિવસના રીમાન્ડની માંગણી સાથે તાલાલા જજ રજા ઉપર હોવાથી આરોપીઓને વેરાવળ કોર્ટમાં રજૂ કર્યા હતા, ત્યારે સુનાવણી દરમ્યાન બચાવ પક્ષના વકીલે આરોપીની પરપકડ વખતે ભારતના બંધારણની આર્ટિકલ-૨૨નું પાલન કરવામાં આવ્યું નથી તેવું કારણ રજૂ કરી રીમાન્ડ નામંજૂર કરી આરોપીને જામીન ઉપર મુક્ત કરવા માંગણી કરી હતી. સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા સિદ્ધાંતો પ્રમાણે આરોપીની અટક કરતી વખતે પરપકડનાં કારણો લેખિતમાં જાણ કરવી જોઈએ જે પોલીસે કરી નથી, તે મૂળભૂત અધિકારોના ભંગ થવા બરાબર હોવાથી આરોપીને જામીન પર મુક્ત કરવા જોઈએ. બચાવ પક્ષની આ દલીલ ધ્યાને લેતા અદાલતે કરેલ હુકમમાં જણાવ્યું કે આરોપી સામેના ગુનાની ગંભીરતા, આરોપીના ટ્રાયલ દરમ્યાનની સુનિશ્ચિતતા વગેરે હકીકત લક્ષમાં લેતાં આરોપીઓને આ તબક્કે શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ અદાલતનું માનવું હોઈ ન્યાયના હિત તમામ આરોપીને જામીન ઉપર મુક્ત કર્યા હતા.

તાલાલા તાલુકાના ચિત્રોડ ગીર ગામના ગંભીર ગુનાના આરોપીના રિમાન્ડ નામંજૂર કરી આરોપીને જામીન ઉપર મુક્ત કરવાના નીચલી કોર્ટના બંને હુકમો સામે વેરાવળ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સરકારી વકીલ દ્વારા રિવિઝન અરજી ફાઈલ કરવામાં આવી છે અને તેની તા.૨૧મીએ સુનાવણી રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.